# શ્રી જૈન વિવાહ વિધિ.



શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભા અને
શ્રી વડોદરા વૈદ્ય મગનલાલ ચુનીલાલે
છપાવેલી તેમાં સુધારો વધારો કરીને

છપાવીને પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વીર સં. ૨૪૬૦ : : વિ. સં. ૧૯૯૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શિયળ વિષે શિખામણ.

બ્હેની શિયળ સલુણી સંસારમાં,
સજો શિયળતણો શણગાર; સુણો સૌ સુંદરી. ૧
જેથી કુળને કલંક લાગે ઘણું,
એવો કરીએ નહીં આચાર. સુણો૦ ૨
ગળી કુંડની પાસ જતાં થકાં,
કાળો ડાઘ પડે તત્કાળ. સુણો૦ ૩
વ્યભિચારી નઠારાની સોબતે,
અણચિંત્યું ચડે શિર આળ. સુણો૦ ૪
બ્હેની વાત એકાંત ન કીજીએ,
ભલે હોયે ભ્રાત કે તાત. સુણો૦ ૫
પરનરથી નજર ન મેળીએ,
વળી હસી ન દેખાડીએ દાંત. સુણો૦ ૬
ભાલ ઢાંકીને રસ્તે ચાલીએ,
શીલવંતી સુલક્ષણી નાર. સુણો૦ ૭
બહેની ચટકમટક નહીં ચાલીએ,
નવ કરીએ આંખલડી વિકાર. સુણો૦ ૮
સુંદર સાડી પહેરોને શિયળતણી,
કંઠે નવસરો નીતિનો હાર. સુણો૦ ૯
શણગાર સજો સૌ સત્યના,
કરો વિનય વડીલનો શ્રીકાર. સુણો૦ ૧૦
પ્રભુ તુલ્ય ગણો નિજ નાથને,
સાસુ સસરાની લ્યો સંભાળ. સુણો૦ ૧૧
વહાલો લાગે છે કજીઓ નારીને,
બ્હેની કરીએ નહીં કોઇ કાળ. સુણો૦ ૧૨
બ્હેની જગતપતિ જિનરાજની,
કરો ભક્તિ સ્તુતિ ત્રણ કાળ. સુણો૦ ૧૩
જૈન કન્યાશાળામાં ભણી ગણી,
મૂકી દ્યો સહુ આળપંપાળ. સુણો૦ ૧૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી જૈન વિવાહવિધિ.

( માંગરોળ ને વડોદરામાં છપાયેલ વિવાહવિધિ
ને લગ્નવિધિને આધારે અર્થ સહિત તમામ
મંત્રો ને સંપૂર્ણ વિધાનયુક્ત )

જૈનવર્ગને ખાસ ઉપયોગી જાણીને

છપાવી પ્રસિદ્ધ કરનાર
**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**
ભાવનગર.

વીર સંવત ૨૪૬૦ :: વિક્રમ સંવત ૧૯૯૦

કિંમત માત્ર બે આના.

શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું
દાણાપીઠ-ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈન બંધુઓને ખાસ સૂચના.

શુદ્ધ સમકિતધારી શ્રાવકે પોતાના બાળકોનો વિવાહ કરાવતાં અન્ય દર્શનમાં દેવ તરીકે ગણાતા ગણેશ કે અન્ય દેવદેવીનું પૂજન કરાવવું અને અગ્નિને ખાસ દેવ તરીકે માની તેનું પૂજન કરાવવું એ મિથ્યાત્વની પુષ્ટિ કરનાર છે, તેથી આ બુકમાં બતાવ્યા પ્રમાણે વિધિ કરાવવો કે જેથી મિથ્યાત્વ ન લાગતાં ઉલટું સમકિત વધુ નિર્મળ થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના.

---

આ લઘુ બુકની પ્રસ્તાવના વિસ્તૃત લખવાની જરૂર નથી. આ વિધિનું મૂળ સ્થાન શ્રીમાન્ વર્ધમાનસૂરિકૃત આચાર-દિનકર નામનો વિશાળ ગ્રંથ છે. તેમાં પ્રારંભમાં શ્રાવકના ૧૬ સંસ્કારો બતાવ્યા છે, તેમાંનો આ એક ખાસ જરૂરી આખી જીંદગી માટે ઉપયોગી સંસ્કાર છે. તે તમામ પ્રકારના મંત્રો સાથે આ બુકમાં દાખલ કરેલ છે. મંત્રો પ્રાયઃ સંસ્કૃત ભાષામાં હોવાથી તેના અર્થ પણ નીચે નોટમાં આપ્યા છે, જેથી એમાં ભાવ શું છે તે સમજાય અને તેની આવશ્યકતાનો ખ્યાલ આવે. મૂળકર્ત્તા પુરૂષ કહે છે કે–' શ્રીઋષભદેવ ભગવાન સુનંદા, સુમંગળા સાથે ઇંદ્રે કરાવેલી જે વિધિથી ને જે મંત્રોથી પરણ્યા હતા તે વિધિ અમે આમાં બતાવેલ છે.' આટલા કથનથી આ વિધિની શ્રેષ્ઠતા અને ઉપયોગિતા સમજી શકાય તેમ છે.

દરેક ગામ કે શહેરના જૈનબંધુઓએ આ વિધિ વંચાવીને જૈનશાળાના માસ્તરને અથવા બીજા કોઇ પ્રૌઢ બુદ્ધિવાળાને તૈયાર કરવા. તેણે જ્ઞાતિગોર તરીકે ગણાતા વિપ્ર ( બ્રાહ્મણ ) ને સાથે રાખી આ પ્રમાણે વિધિ કરાવવો. કુળગોરની આજી-વિકાનો ભંગ કરી અંતરાયકર્મ બાંધવું નહીં. એમ કરવાથી કાર્યમાં સફળતા થતી નથી. આપણે તો કોઇપિણ રીતે આ ક્રિયાનો પ્રચાર વધારવો છે, તેથી તે કુળગોરને અનુકૂળ કર-વાથી જ થઇ શકે તેમ છે.

આ વિધિ પ્રમાણે વિધિ કરાવનારે આ વિધિ બરાબર વાંચીને અથવા તેના અનુભવી પાસે સમજીને તૈયાર રહેવું– અસ્તવ્યસ્ત વિધિ કરાવવો નહીં તેમ અશુદ્ધ ઉચ્ચાર કરવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહીં. કોઈ સુજ્ઞ બ્રાહ્મણ પણ આ પ્રમાણે કરાવવા તૈયાર થાય તો તેને પણ તૈયાર કરવા અને તેને ગૃહસ્થ ગુરૂનું ઉપનામ આપવું. ખાસ કરીને તે માણસ સદાચારી હોવો જોઈએ અને જૈન ધર્મનો દ્વેષી ન હોવો જોઇએ.

આ ક્રિયામાં જે વસ્તુઓ ( સામગ્રી ) જોઈએ તે દરેક પ્રસંગે લખી છે અને છેવટે પણ લખેલ છે તે પ્રમાણે પ્રથમથી તૈયારી રખાવવી. એમાં કાંઇ મુશ્કેલી આવે તેવી વસ્તુઓ નથી અને તેમાંથી કદિ કોઇ વસ્તુ ન મળે તો તે વિના ચલાવી લેવામાં વાંધા જેવું નથી. છેવટ ખાસ પ્રાર્થના જૈનવર્ગ પ્રત્યે એ છે કે કોઇપણ રીતે આ વિધિની પ્રવૃત્તિ વધારે કરાવશો કે જેથી અમારો પ્રયાસ સફળ થાય. તેજ હેતુથી કિંમત પણ ઓછી રાખવામાં આવી છે.

આ બુકમાં પ્રારંભના ભાગમાં શ્રીપાર્શ્વનાથના વિવાહલામાંથી વરઘોડાની ને પોંખણાની બે ઢાળ અને બુકની પ્રાંતે કન્યાને શિખામણની એક ઢાળ ખાસ વાંચવા, સમજવા ને સ્ત્રીઓને ગાવા લાયક હોવાથી દાખલ કરી છે તે તરફ ધ્યાન ખેંચવામાં આવે છે.

પ્રથમ વૈશાખ<br>સં. ૧૯૯૦

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા.**<br>ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | વિવાહસંબંધ–વાગ્દાનનો મંત્ર. | ૧ |
| ૨ | લગ્નનિરધાર–માતૃકાસ્થાપન. | ૨ |
| ૩ | સ્થાપનનો પ્રકાર.–પૂજાની સામગ્રી. | ૩ |
| ૪ | આઠ માતૃકાસ્થાપનના મંત્રો. | ૪–૧૦ |
| ૫ | સાતે કુળકરની સ્થાપના. સ્થાપનાનો પ્રકાર | ૧૧ |
| ૬ | સાતે કુળકરની સ્થાપનાના મંત્રો. | ૧૨–૨૦ |
| ૭ | મંડપસ્થાપન–ગ્રહશાંતિ. | ૨૧ |
| ૮ | લગ્નનો વરઘોડો. તે વખતે બોલવાનો મંત્ર | ૨૧–૨૪ |
| ૯ | માયરાનો પ્રકાર. માયરાની સામગ્રી | ૨૫ |
| ૧૦ | મંગળાષ્ટક. અર્થસહિત. | ૨૬–૨૮ |
| ૧૧ | હસ્તબંધન (હથેવાળા) નો વિધિ. હસ્તબંધનનો મંત્ર. | ૨૯ |
| ૧૨ | ચોરીનો પ્રકાર. ચોરીની સામગ્રી | ૩૧ |
| ૧૩ | વેદિ પ્રતિષ્ઠા. વેદિ પ્રતિષ્ઠામંત્ર. | ૩૨ |
| ૧૪ | તોરણપ્રતિષ્ઠા. તોરણપ્રતિષ્ઠામંત્ર. | ૩૨ |
| ૧૫ | અગ્નિસ્થાપન. અગ્નિસ્થાપનનો મંત્ર | ૩૩ |
| ૧૬ | હોમને લગતા ૧૧ મંત્રો. અર્થસહિત. | ૩૪ |
| ૧૭ | અભિષેકનો મંત્ર. | ૩૮ |
| ૧૮ | ગોત્રોચ્ચાર. | ૩૮ |
| | વરપિતૃપક્ષગોત્ર. વરમોશાળપક્ષગોત્ર. | ૩૯ |
| | કન્યાપિતૃપક્ષગોત્ર. કન્યામોશાળપક્ષગોત્ર. | ૪૦ |
| | ગોત્રોચ્ચારમંત્ર. | ૪૨ |
| ૧૯ | અગ્નિની પ્રદક્ષિણા અથવા ચાર ફેરા. | ૪૩ |
| | ચારે ફેરાના મંત્રો. અર્થ સાથે. | ૪૩ |
| ૨૦ | કન્યાગ્રહણસંકલ્પ. મંત્રયુક્ત. | ૪૭ |
| ૨૧ | વાસક્ષેપવિધિનો મંત્ર. | ૪૯ |
| ૨૨ | છેલ્લા અભિષેકનો મંત્ર. | ૫૦ |
| ૨૩ | કરમોચન મંત્ર. | ૫૧ |
| ૨૪ | ગૃહસ્થગુરૂનો આશીર્વાદ | ૫૨ |
| ૨૫ | માતૃગૃહ–ચોરીવિગેરેનું વિસર્જન. | ૫૩ |
| ૨૬ | માતૃકા ને કુળકરનું વિસર્જન. | ૫૪ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રીપાર્શ્વનાથના વિવાહલામાંથી.

## ઢાળ નવમી.

વેવાણ ઉઠ તું વહેલી ઉંઘ તજી, વર તોરણ આવ્યો સાજ સજી; સવા લાખ નગારાંની ધુંસ પડી, પુંખવાની જાય છે એહ ઘડી. ॥ ૧ ॥ કોઈ જાણ કરો પીછાણ કરો, આળસુ વેવાણની બાંહ ધરો; અમને ઉભા ઘણી વાર થઇ, વેવાણને ખબર કરોને જઇ. ॥ ૨ ॥ વેવાણ લેજે રે તું લ્હાવો ઘણો, તારે બારણે અવસર વીવાતણો; વેવાણ લેજે રે તું સોપારી, તારે આંગણે આવ્યો છે વેપારી ॥ ૩ ॥ વેવાણ લેજે રે કંકુનો પડો, વામાદેવીનો આવ્યો લાડકડો; વેવાણ લેજે તું રૂપાતણી થાળી, એ વર વરશે કન્યા રૂપાળી. ॥ ૪ ॥ વેવાણ લેજે તું આરતી અજવાળી, તારે આંગણે આજ છે દીવાળી; વેવાણ લેજે રે તું કંકાવટી, પુત્રી પરખવા આવ્યો છે નાણાવટી. ॥ ૫ ॥ વેવાણ લેજે તું મોતી થાળ ભરી, એવો અવસર નહીં આવે ફરી ફરી; શું પેઠી છે ઘરને ખૂણે, સોનામહોરના થાળ ભરી ગુણે. ॥ ૬ ॥ આ અવસર કેમ તું થઇ થાંથી ?, તારે આંગણે ત્રિભુવનપતિ ક્યાંથી ?; દેવને દુર્લભ દર્શન જેહનું, સહેજે મળવું થાયે છે તેહનું. ॥ ૭ ॥ સહુ ઇંદ્ર કરે જેહની સેવા, એને નમવા આવે દેવી દેવા; ઉઠ ઉઠ તું વહેલી આવ વળી, એવડા શ્યા કામ માંહે તું ભળી? ॥ ૮ ॥ ઇંદ્રે ભંડાર ઘણો ભરીયો, સોના મોતી હારે કરી દરીઓ; વળી જોઇએ તે માગી લેજે, તોરણ જઇને સહુને દેજે. ॥ ૯ ॥ વેવાઇની લાજ રખે ખોતી, આડું અવળું તું શ્યું ફરે છે જોતી ? ઇંદ્રાણીએ ભેર કરી તારી, તેણે વાત બની આવી સારી. ॥૧૦॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહીં તો જાણુત દીકરી દીધી હતી, શોભા રહેશે ઇંદ્રાણીવતી; ઉઠ ઉઠ તું વેળા થઈ છે ઘણી, તારે મંદિર આવ્યો છે ત્રિજગ-ધણી. ॥ ૧૧ ॥ તવ સાંભળી કહે માસીસાસુ, ક્યાં ખોટી થયા છો તમે ફાસુ ?; વિવાહના કારજ છે બહોળા, પારકે ઘરે દીસો છો પહોળા. ॥ ૧૨ ॥ મોટા બોલ બોલીએ ન બહુ, કામ પડે ત્યારે જણાય સહુ; પરઘરની વાતો છે સોહલી, માથે પડયે નિર્વહેવી દોહલી. ॥ ૧૩ ॥ એમ હાંસીએ વેવાણને વરણી, હવે આવે પ્રસેનજિતની ઘરણી; એહ મોટો બહુ શણગાર કરી, મણિ મુક્તાફળનો થાળ ભરી. ॥ ૧૪ ॥ હાથ-ણીની ચાલે ચાલંતી, શ્રીફળ સોનૈયા આલંતી; ઇંદ્રાણીઓ મંગળ ગાવંતી, એમ સાસુ પ્રભુ પદ પાવંતી. ॥ ૧૫ ॥

## ઢાળ અગ્યારમી.

જી રે ઇંદ્ર પૂછે રે વેવાણને રે, જી રે શી કરી કરણી તમે એહ, વરને કેમ પોંખીઆએ; જી રે અમે તેહમાં સમજ્યા નહીં એ, કારણ દાખવો તેહ, વરને કેમ પોંખીઆએ. ॥ ૧ ॥ પેલું તે ધોંસરૂ આદર્યું એ, ધોંસરૂં ગાડલે હોય, વરને કેમ પોંખીઆએ; સંસાર ધોંસરૂં નાખીચું એ, સંસારથી પાર પામે સોય, ધોંસરે એમ પોંખીઆએ. ॥ ૨ ॥ જીરે ઇંદ્ર પૂછે રે વેવાણનેરે, મુસળ ખાંડણીએ હોય, વરને કેમ પોંખીઆએ; મુસળે તંદુળ કાઢીએ એ, સંસારથી ગુણ કાઢો જોય, વરને એમ પોંખીઆએ. ॥ ૩ ॥ ઇંદ્ર પૂછે રે વેવાણનેરે, રવૈયો ગોળીએ હોય, વરને કેમ પોંખીઆએ; રવાઈએ માખણ નિપજે એ, સંસારથી જ્ઞાન રસ જોય. રવૈએ એમ પોંખીઆએ. ॥ ૪ ॥ ઇંદ્ર પૂછે રે વેવાણનેરે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્રાક તે રેંટીએ હોય, ત્રાકે કેમ પોંખીઆએ; ત્રાકે સૂતર નિપજેએ, સંસારથી અર્થ કાઢો સોય, ત્રાકે એમ પોંખીઆએ ॥ ૫ ॥ ઇંદ્ર પૂછે રે વેવાણુનેરે, સળીયો તો ડુંડાને હોય, સળીયે કેમ પોંખીઆએ; સળીઆથી વસ્તુ સહુ ઉપજે એ, મંગળ ધર્મથી જેમ, સળીએ એમ પોંખીઆએ ॥ ૬ ॥ જી રે પાંચ મંગળ એમ પરવડાં એ, જી રે આદરે સઘળા લોક, વરને એમ પોંખીઆએ; જી રે તેહ કારણ ઇહાં કર્યું રે, શું જાણે દેવતા લોક, વરને એમ પોંખીઆએ. ॥ ૭ ॥ જી રે ઇંદ્ર પૂછે રે વેવાણુનેરે, ઈંડી પિંડી શિવજીને હોય, તેણે કેમ પોંખીઆએ; ઈંડી રક્ષાની રક્ષા કરે એ, મંગળરૂપી તે જોય, ઇંડીએ એમ પોંખીઆએ, સંસારમાંહે ચારે ગતિ ફરીએ, લીધો માનવ ભવ જેમ, પિંડીએ એમ પોંખીઆએ. ॥ ૮ ॥ જી રે સાંભળી ઇંદ્રરાય હરખીઆએ, હરખીઓ સહુ પરિવાર, ઓચ્છવ આજ અતિઘણો એ; જી રે સાળાએ પાણી છંટામણીએ, મનમાન્યું લીધું તેણીવાર, ઓછવ૦ ॥ ૯ ॥ ઘાટડી કંઠે આરોપીને એ, ખેંચીયા વરને તે વાર, ઓછવ૦ રાય તંબોળ છાંટણ સમેએ, વહુને ઘરેણું દીએ સાર, ઓછવ૦ ॥ ૧૦ ॥ સાસુએ નાક તે તાણીયુંએ, સાસુને હરખ અપાર, ઓછવ૦ સરાવસંપુટ પાયે ચાંપીચુંએ, સહુજન હરખ્યા તે વાર, ઓછવ૦ ॥ ૧૧ ॥ માંડવામાંહે પ્રભુ આવીઆએ, કન્યા લાવ્યા તેણી વાર, ઓછવ૦ જી રે માતૃકા ગોત્રજ થાપીઆએ, આવ્યા સહુ રંગભર ત્યાંય, ઓછવ આજ અતિઘણોએ. ॥ ૧૨ ॥ ઇતિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી જૈનવિવાહવિધિ.

## વિવાહસંબંધ.

વરકન્યાનો વિવાહ સંબંધ (વેવિશાળ) નક્કી કર્યા બાબતનો લેખ લગ્નના મુહૂર્ત અગાઉ કરવો અને તે લેખ કન્યાપક્ષના વડીલ પુરૂષે વરપક્ષના વડીલ પુરૂષને જ્ઞાતિ, સ્વજન, સંબંધી સમક્ષ કુંકુમના છાંટા નાખી ડાંગેર, સોપારી, અને દુર્વા (ધરો) થી પૂજા કરી શ્રીફળ તથા રૂપીઆ સાથે આપવો.[1] અને તે વખતે ગોરે[2] નીચે લખેલો મંત્ર ભણવો.

### વાગ્દાનનો મંત્ર.

**ॐ अर्हं । परमसौभाग्याय । परमसुखाय । परमभोगाय । परमधर्माय । परमयशसे । परमसंतानाय । भोगोपभोगांतरायव्यवच्छेदाय ** नाम्नीं कन्यां ** गोत्रां ** नाम्ने वराय ** गोत्राय । ददाति । प्रतिगृहाण । अर्हं ॐ ।**

ગોર ઉપરનો મંત્ર ભણી રહે એટલે રિવાજ પ્રમાણે પાનસોપારી વિગેરે વહેંચવાં.

વરપક્ષવાળાએ કન્યાને દાગીના, કપડાં વગેરે મોકલવાં

---

૧ આવો લેખ આપવાની પ્રવૃત્તિ હાલમાં જણાતી નથી.

૨ અહીં ગોર શબ્દે ગૃહસ્થગુરૂ સમજવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને પરસ્પર જમવા તેડી શક્તિ પ્રમાણે અથવા જ્ઞાતિ-રિવાજ પ્રમાણે સતકાર કરવો.

## લગ્ન-નિર્ધાર.

લગ્નના થોડા દિવસ પહેલાં બંને પક્ષના સંબંધીઓએ એકઠા થઈ જોશીને[1] બોલાવવો અને તેની પાસે લગ્ન કઢાવી નક્કી કરવું અને તેણે લખી આપેલી લગ્નપત્રિકા ઉપર કુંકુમના છાંટા નાખી ફૂલ, પાનસોપારી, શ્રીફળ અને પૈસો પ્રમુખ મૂકી પૂજા કરવી અને જોશીનો સતકાર કરવો. ( આ પ્રસંગે ગોળધાણા વહેંચવામાં આવે છે તથા વરની પહેરામણી આપી દેવામાં આવે છે. )

પ્રથમ વર અને કન્યા બંને પક્ષના સંબંધીઓએ એકઠા મળી જે લગ્નનો દિવસ મુકરર કર્યો હોય તે દિવસ પહેલાં બે, ચાર, પાંચ, સાત, કે નવ દિવસ અગાઉ અગર લગ્નના દિવસે શુભ મુહૂર્તે કન્યાને ત્યાં આઠ માતૃકાનું સ્થાપન અને વરને ત્યાં સાત કુલકરનું સ્થાપન કરવું. જ્ઞાતિ કુળના રીવાજ પ્રમાણે વર અને કન્યા બંનેને ત્યાં માતૃકા સ્થાપન કરે તો તેથી કાંઈ નુકસાન નથી, માતૃકા સ્થાપનમાં ગોત્રજ પણ આવી જાય છે.

## માતૃકા સ્થાપન.

જે દિવસે માતૃકા સ્થાપન કરવું હોય તે દિવસે શુભ મુહૂર્તે વરના પિતાને ઘેર વરને અને કન્યાના પિતાને ઘેર કન્યાને સ્નાન કરાવી જે ઘરમાં સ્થાપન કરવું હોય ત્યાં લાવવા. પૂર્વ કે પશ્ચિમ દિશામાં માતૃકા દેવનું મુખ આવે તેમ સ્થાપન કરવું.

---

૧ અહીં જોશી એટલે જૈન જ્યોતિષ જાણનાર વિદ્વાન બ્રાહ્મણ સમજવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સ્થાપનનો પ્રકાર.[1]

જે ઘરમાં સ્થાપન કરવું હોય ત્યાં ભીંત અને તેની પાસેની ભૂમિને સૌભાગ્યવતી સ્રીને હાથે ગોમયથી લેપ કરાવવો. તે પછી ભીંતની ઉપર ખડી વિગેરે ધોળાવી તે ઉપર કુંકુમ અથવા હીંગળોકના વર્ણથી આઠ માતાઓના ગોળાકાર મંડળ કરવા. ( હાલ રીવાજ પ્રમાણે નીચેની ભૂમિ ઉપર એક શુદ્ધ બાજોઠ કે પાટલો માંડી તેની ઉપર રેશમી રાતું, લીલું અથવા પીળું વસ્ત્ર પાથરી તેની ઉપર ચોખાની આઠ ઢગલીઓ, તેનાપર આઠ સોપારી અને તેની ચારે બાજુ ચોખાની વાડ કરે છે તથા વચ્ચે શ્રીફળ મૂકે છે. ) તેની સામે પૂજન કરનારને બેસવાનું તથા પડખે ગોરને બેસવાનું એમ બે આસનો ગોઠવવા અને સાથે શુદ્ધ જળથી ભરેલો કલશ અને પૂજાની સામગ્રી રાખવી. તે પ્રસંગે સૌભાગ્યવતી સ્રીઓ પાસે મંગલગીત ગવરાવવા.

## પૂજાની સામગ્રી.

બાજોટ અથવા પાટલો. રેશમી લીલું કે પીળું વસ્ત્રગજ ૧. નાડું. શુદ્ધ જલનો કલશ. દૂર્વા. પુષ્પ. ધૂપ. દીવો. નૈવેદ્ય–સાકર શ્રીફળ ૧. ચંદન અથવા કંકુ. ચોખા. રૂપાનાણું કે ત્રાંબાનાણું.

( હાલના રીવાજ પ્રમાણે પૂજા કરનાર વર કે કન્યા આસન ઉપર બેસે તે વખતે ગોર આ પ્રમાણે આશીર્વચન

---

૧ ભીંત ઉપર જે સ્થાપન કરાય તે ઉભી રહેલી માતાઓનું સ્થાપન છે અને નીચે બાજોઠ ઉપર જે સ્થાપન કરાય તે સુતેલી માતાઓનું સ્થાપન છે એમ સમજવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બોલે છે. " सुमुहूर्ते शुभलग्नं क्षेमं कल्याणं आरोग्यं निर्विघ्नेन शुभं भवतु. " ) વર કે કન્યા આસન ઉપર બેઠા પછી પૂજા કરનારના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણ વાર બોલવો.

ॐ ह्रीँ नमो भगवति, ब्रह्माणि, वीणापुस्तकपद्माक्षसूत्रकरे, हंसवाहने, श्वेतवर्णे इह आगच्छ आगच्छ स्वाहा[1]"

પછી યજમાનના હાથમાં પુષ્પ આપી પાછો નીચેનો મંત્ર ગોરે ત્રણવાર બોલવો.

" ॐ[2] ह्रीँ नमो भगवति, ब्रह्माणि, वीणापुस्तकपद्माक्षसूत्रकरे, हंसवाहने, श्वेतवर्णे, मम संनिहिता भव भव स्वाहा.

આ મંત્ર ભણ્યા પછી યજમાને તે પુષ્પ માતૃકાના મંડલમાં નાંખવું. તે પછી યજમાનના હાથમાં પુષ્પ આપી પાછો નીચેનો મંત્ર ગોરે ત્રણ વાર ભણવો.

" ॐ ह्रीँ नमो भगवति, ब्रह्माणि, वीणापुस्तकपद्माक्षसूत्रकरे, हंसवाहने, श्वेतवर्णे इह तिष्ट तिष्ट स्वाहा[3] " ।

---

१ આ મંત્રથી બ્રહ્માણી નામે પેહેલી માતાનું આમંત્રણ કરવામાં આવે છે—મંત્રનો ભાવાર્થ એવો છે કે, " વીણા, પુસ્તક કમલ, અને અક્ષસૂત્ર (માળા) જેના હાથમાં છે, જેને હંસનું વાહન છે અને જેનો વર્ણ શ્વેત છે એવાં હે બ્રહ્માણિ દેવિ, ! તમને નમસ્કાર કરૂં છું. તમે આ પ્રસંગે અહીં આવો.

૨ આ મંત્રમાં એવો અર્થ છે કે વીણા, પુસ્તક, કમલ અને માલા જેના હાથમાં છે જેને હંસનું વાહન છે અને જેનો શ્વેત વર્ણ છે એવા હે દેવિ ! તમે મારી પાસે નજીક પધારો.

૩ આ મંત્રમાં ઉપર પ્રમાણેજ અર્થ છે, વિશેષ એ છે કે, તમે અહીં સ્થાપિત થાઓ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ મંત્ર ભણીને પુષ્પ નાખી સ્થાપન કરવું.

પછી નીચેનો મંત્ર ભણી સ્થાપન ઉપર ગંધના છાંટા નાખવા.

१ ॐ ह्रीँ नमो भगवति, ब्रह्माणि, वीणा पुस्तकपद्माक्ष-सूत्रकरे, हंसवाहने, श्वेतवर्णे, गंधं गृहाण गृहाण स्वाहा" ।

પછી નીચેનો મંત્ર ભણી સ્થાપન ઉપર પુષ્પ ચડાવવાં.

२ ॐ ह्रीँ नमो भगवति, ब्रह्माणि, वीणापुस्तकपद्माक्ष-सूत्रकरे, हंसवाहने, श्वेतवर्णे पुष्पं गृहाण गृहाण स्वाहा"।

પછી નીચેનો મંત્ર બોલી ધૂપ કરવો.

३ ॐ ह्रीँ नमो भगवति० धूपं गृहाण गृहाण स्वाहा ।

પછી નીચેનો મંત્ર ભણી દીપક કરવો.

४ ॐ ह्रीँ नमो भगवति० दीपं गृहाण गृहाण स्वाहा ।

પછી નીચેનો મંત્ર ભણી ચોખા ચડાવવા.

५ ॐ ह्रीँ नमो भगवति० अक्षतान् गृहाण गृहाण स्वाहा ।

---

૧ આ મંત્રમાં ઉપર પ્રમાણે જ અર્થ છે, વિશેષ એટલું છે કે, 'તમે મારા આપેલા ચંદનાદિ સુગંધને ગ્રહણ કરો.'

૨ આ મંત્રમાં અર્થ ઉપર પ્રમાણે જ છે, વિશેષ એટલું છે કે, 'તમે આ પુષ્પ ગ્રહણ કરો '

૩ આ મંત્રનો ભાવાર્થ પૂર્વ પ્રમાણે છે, માત્ર એટલું જ વિશેષ કે, 'તમે ધૂપ ગ્રહણ કરો.'

૪ આ મંત્રનો ભાવાર્થ પૂર્વ પ્રમાણે છે, માત્ર એટલું વિશેષ કે, 'તમે દીપક ગ્રહણ કરો.'

૫ આ મંત્રનો ભાવાર્થ પૂર્વ પ્રમાણે છે, માત્ર એટલું વિશેષ કે, 'તમે ચોખા ગ્રહણ કરો.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી નીચેનો મંત્ર ભણી સાકરનું નૈવેદ્ય ધરવું.

**ॐ[1] ह्रीँ नमो भगवति० नैवेद्यं गृहाण गृहाण स्वाहा।**

## બીજી માતા માહેશ્વરીનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણવાર ભણવો.

**"ॐ[2] ह्रीँ नमो भगवति, माहेश्वरि, शूलपिनाककपाल-खट्वांगकरे, चंद्रार्द्धललाटे, गजचर्मावृते, शेषाहिबद्धकांची-कलापे, त्रिनयने, वृषभवाहने, श्वेतवर्णे, इह आगच्छ आगच्छ स्वाहा"।**

પછી આ મંત્ર ત્રણ ત્રણ વાર ભણી પૂર્વ પ્રમાણે સંનિધાન અને સ્થાપન કરવું. સંનિધાન વખતે "मम संनिहिता भव भव स्वाहा" એ વાક્ય છેલ્લે લગાડવું. અને સ્થાપના વખતે "इह तिष्ठ तिष्ठ स्वाहा" એ વાક્ય વધારવું, પછી તે મંત્ર બોલી છેવટે "**गंधं गृहाण गृहाण स्वाहा**" '**पुष्पं गृहाण गृहाण स्वाहा**' '**धूपं गृहाण गृहाण स्वाहा**' '**दीपं गृहाण गृहाण स्वाहा**' '**अक्षतान् गृहाण गृहाण स्वाहा**' '**नैवेद्यं**

---

૧ આ મંત્રનો ભાવાર્થ પૂર્વ પ્રમાણે છે, માત્ર એટલું વિશેષ કે, 'તમે નૈવેદ્ય ગ્રહણ કરો.'

૨ આ **માહેશ્વરી** નામે બીજી માતાનો મંત્ર છે, તેનો ભાવાર્થ એવો છે કે, ત્રિશૂલ, ડમરૂ, કપાલ (ખોપરી) અને ખટ્વાંગ જેના હાથમાં છે, જેના લલાટ ઉપર અર્દ્ધચંદ્ર છે, જેણીએ હાથીનું ચર્મ ઓઢેલું છે, શેષનાગવડે જેણે પોતાનો કંદોરો બાંધેલો છે, જેને ત્રણ નેત્ર છે તથા વૃષભનું વાહન છે અને જેનો વર્ણ શ્વેત છે એવ માહેશ્વરી દેવીને નમસ્કાર હો. હે દેવિ! તમે અહીં પધારો પધારો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**गृहाण गृहाण स्वाहा** " ઈત્યાદિ વાકયો વધારી ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય સ્થાપન ઉપર ધરવા.

## ત્રીજી કૌમારી માતાનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણ વાર ભણવો.

**" ॐ[1] ह्रीँ नमो भगवति, कौमारि, षण्मुखि, शूलशक्तिधरे वरदाभयकरे, मयूरवाहने, गौरवर्णे, इह आगच्छ आगच्छ स्वाहा " ।**

આ મંત્ર ત્રણ ત્રણ વાર ભણી ઉપર પ્રમાણે સંનિધાન, સ્થાપન વિગેરેના છેલ્લા વાકયો ગોઠવવા અને તે પછી " गंधं गृहाण गृहाण स्वाहा " ઈત્યાદિ વાકયો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવાં.

## ચોથી વૈષ્ણવી માતાનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણવાર ભણવો.

**ॐ[2] ह्रीँ नमो भगवति, वैष्णवि, शंखचक्रगदाशार्ङ्ग-**

---

૧ આ ત્રીજી કૌમારી માતાનો મંત્ર છે—તેનો ભાવાર્થ એવો છે કે, ૭ મુખવાળી, ત્રિશૂળને ધારણ કરનારી, હાથમાં વરદાન અને અભયની મુદ્રા રાખનારી, મયૂરના વાહન ઉપર બેસનારી અને ગૌરવર્ણવાળી એવી કૌમારીદેવીને નમસ્કાર હો. હે દેવિ! અહીં પધારો.

૨ આ મંત્રમાં વૈષ્ણવી માતાનું વર્ણન છે. તેનો ભાવાર્થ એવો છે કે-શંખ, ચક્ર, ગદા, શાર્ઙ્ગ અને ખડ્ગ હાથમાં ધારણ કરનારી, ગરૂડના વાહન ઉપર બેસનારી અને જેનો કૃષ્ણ વર્ણ છે એવી વૈષ્ણવી દેવીને નમસ્કાર હો. હે દેવિ! તમે અહીં આવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**खड्गकरे गरुडवाहने कृष्णवर्णे इह आगच्छ आगच्छ स्वाहा "।**

આ મંત્ર ત્રણ ત્રણ વાર ભણી ઉપર પ્રમાણે સાંનિધ્ય, સ્થાપનના છેલ્લા વાકયો ગોઠવવા અને તે પછી "गंधं गृहाण गृहाण स्वाहा" ઈત્યાદિ વાકયો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવાં.

## પાંચમી માતા વારાહીનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણવાર ભણવો.

**"[1] ॐ ह्रीँ नमो भगवति, वाराहि, वराहमुखि, चक्रखड्गहस्ते, शेषवाहने, श्यामवर्णे इह आगच्छ आगच्छ स्वाहा."**

આ મંત્ર ત્રણ ત્રણ વાર ભણી ઉપર પ્રમાણે સાંનિધ્ય, તથા સ્થાપનના છેલ્લા વાકયો ગોઠવવાં અને તે પછી "गंधं गृहाण गृहाण स्वाहा" ઈત્યાદિ વાકયો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવા.

## છઠ્ઠી માતા ઈંદ્રાણીનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણ વાર ભણવો.

---

૧ આ મંત્રમાં વારાહીદેવીનું વર્ણન છે. તેનો ભાવાર્થ એવો છે કે, વરાહ ( ડુક્કર ) ના જેવા મુખવાળી, હાથમાં ચક્ર તથા ખડ્ગ રાખનારી, શેષના વાહન ઉપર બેસનારી અને શ્યામ વર્ણવાળી વારાહીદેવીને નમસ્કાર હો, હે દેવિ ! તમે અહીં પધારો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" ॐ[1] ह्रीँ नमो भगवति, इंद्राणि, सहस्रनयने, वज्रहस्ते, सर्वाभरणभूषिते, गजवाहने, सुरांगनाकोटिवेष्टिते, कांचनवर्णे इह आगच्छ आगच्छ स्वाहा" ।

આ મંત્ર ત્રણ ત્રણવાર ભણી ઉપર પ્રમાણે સાંનિધ્ય તથા સ્થાપનના છેલ્લા વાક્યો ગોઠવવા અને તે પછી "गंधं गृहाण गृहाण स्वाहा" ઈત્યાદિ વાક્યો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવા.

## સાતમી માતા ચામુંડાનું પૂજન.

પૂર્વ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણ વાર ભણવો.

" ॐ[2] ह्रीँ नमो भगवति, चामुंडे, शिराजालकरालशरीरे, प्रकटितदशने, ज्वालाकुंतले, रक्तत्रिनेत्रे, शूलकपा-

---

૧ આ મંત્રમાં ઇંદ્રાણી માતાનું વર્ણન આપ્યું છે. તેનો ભાવાર્થ એવો છે કે, " એક હજાર નેત્રવાળી, હાથમાં વજ્ર રાખનારી, સર્વ આભૂષણોથી સુશોભિત, હાથીના વાહન ઉપર બેસનારી, કોટી દેવાંગનાઓથી વીંટાએલી અને સુવર્ણના જેવા વર્ણવાળી ઇંદ્રાણી દેવીને નમસ્કાર હો. હે દેવિ ! તમે અહીં પધારો.

૨ આ મંત્રમાં ચામુંડામાતાનું વર્ણન છે. ભાવાર્થ એવો છે કે, શિરા ( નસો ) ના જાલથી જેનું શરીર વિકરાળ છે, જે દાંત પ્રગટ કરી દેખાડે છે, જેના કેશ જ્વલાયમાન છે, જેને રાતાં ત્રણ નેત્રો છે, જેના હાથમાં ત્રિશૂલ, ખોપરી, ખડ્ગ અને પ્રેત-શબના વાલ છે, જેનું પ્રેત-શબ ઉપર વાહન છે અને જેનો વર્ણ ધુંસરો છે એવી ચામુંડાદેવીને નમસ્કાર હો. હે દેવિ ! તમે અહીં પધારો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

लखड्गप्रेतकेशकरे, प्रेतवाहने, धूसरवर्णे, इह आगच्छ आगच्छ स्वाहा" ।

આ મંત્ર ત્રણ ત્રણવાર ભણી ઉપર પ્રમાણે સાંનિધ્ય સ્થાપનના છેલ્લા વાક્યો ગોઠવવા અને તે પછી "गंधं गृहाण गृहाण स्वाहा" ઇત્યાદિ વાક્યો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવા.

## આઠમી માતા ત્રિપુરાનું પૂજન.

પ્રથમ પ્રમાણે યજમાનના હાથમાં પુષ્પ આપી ગોરે નીચેનો મંત્ર ત્રણવાર ભણવો.

"ॐ ह्रीँ नमो भगवति. त्रिपुरे, पद्मपुस्तकवरदाभयकरे, सिंहवाहने, श्वेतवर्णे इह आगच्छ आगच्छ स्वाहा" ।

આ મંત્ર ત્રણ ત્રણવાર ભણી ઉપર પ્રમાણે સાંનિધ્ય તથા સ્થાપનના છેલ્લા વાક્યો ગોઠવવા અને તે પછી "गंधं गृहाण गृहाण स्वाहा" ઇત્યાદિ વાક્યો છેવટે ગોઠવી સ્થાપન ઉપર ચંદન, પુષ્પ ધૂપ, દીપ, ચોખા અને નૈવેદ્ય ધરવા. આ પ્રમાણે માતૃકાનું પૂજન કર્યા પછી યજમાનને નમસ્કાર કરાવી તે કાર્ય સમાપ્ત કરવું.

## ઇતિ માતૃકાસ્થાપનમ્.

---

૧ આ મંત્રમાં ત્રિપુરામાતાનું વર્ણન છે—ભાવાર્થ એવો છે કે, "હાથમાં કમળ, પુસ્તક, વરદાન અને અભય—મુદ્રા રાખનારી, સિંહના વાહન ઉપર બેસનારી અને શ્વેત વર્ણને ધરનારી ત્રિપુરાદેવીને નમસ્કાર હો. હે દેવિ! તમે અહીં આવો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સાત કુલકરની સ્થાપના.

લગ્નને દિવસે સાત કુળકરની સ્થાપના વરને ઘેર જ થાય છે. કુળકર એટલે કુળની વ્યવહારમર્યાદાને નીતિથી ચલાવનારા જૈનના આદિ પુરૂષો. તેઓની સંખ્યા સાતની છે–**૧ વિમળવાહન, ૨ ચક્ષુષ્માન્, ૩ યશસ્વાન્, ૪ અભિચંદ્ર, ૫ પ્રસેનજિત્ ૬ મરૂદેવ** અને **૭ નાભિ**--એવા તેમના નામ છે. તેઓના અધિષ્ઠાયક પૂજનથી પ્રસન્ન થઇ વરનો કુલવ્યવહાર મર્યાદા સાથે વધારે, એ તેના સ્થાપન–પૂજનનો હેતુ છે.

## કુલકરની સ્થાપનાનો પ્રકાર.

વરના વાસગૃહમાં પૂર્વ, કે પશ્ચિમ તરફ મુખ રહે તેવી રીતે તેની સ્થાપના કરવી. અથવા માતૃકા સ્થાપનની પાસે પણ તેની સ્થાપના કરવામાં કાંઇ હરકત નથી. જ્યાં સ્થાપના કરવાની હોય તે ઠેકાણે ભૂમિ ઉપર ગોમય (છાણ) નો લેપ કરવો તેની ઉપર સુવર્ણનો, રૂપાનો, તાંબાનો અથવા કાષ્ઠનો બાજોઠ કે પાટલો મુકવો અને વરને સ્નાન કરાવી સામે આસન મુકી બેસારવો. તે વખતે પૂજનની સામગ્રી પ્રથમ પ્રમાણે તૈયાર રાખવી. વધારામાં નાગરવેલના પાન રાખવા.

પ્રથમ વરને ઇષ્ટસ્મરણ કરાવી નીચેનો મંત્ર ભણી બાજોઠ અથવા પાટલો સ્થાપિત કરવો.

**ॐ आधाराय नमः आधारशक्तये नमः, आसनाय नमः ।**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે બાજોઠ કે પાટલો માંડી તેની ઉપર તીર્થજળ છાંટી ચંદન, ચોખા, પુષ્પ અને દુર્વાથી તેનું પૂજન કરવું. તે પછી તેની ઉપર રેશમી વસ્ત્ર પાથરી ત્રણ, બે, એક, એક એમ ઉપર ઉપર ચોખાની સાત ઢગલીઓ કરવી. પછી અનુક્રમે નીચેના મંત્રથી એક એક ઢગલી ઉપર પૂજન કરતાં જવું.

પ્રથમ વરના હાથમાં પુષ્પ આપી નીચેનો મંત્ર ભણવો.

**"ॐ[1] नमः प्रथमकुलकराय, कांचनवर्णाय, श्यामवर्णचंद्रयशःप्रियतमासहिताय, हाकारमात्रोच्चारख्यापितन्याय्यपथाय, विमलवाहनाभिधानाय, इह विवाहमहोत्सवादौ आगच्छ आगच्छ, इह स्थाने तिष्ठ तिष्ठ, सन्निहितो भव सन्निहितो भव, क्षेमदो भव क्षेमदो भव, उत्सवदो भव उत्सवदो भव, आनंददो भव आनंददो भव, भोगदो भव भोगदो भव, कीर्त्तिदो भव कीर्तिदो भव, अपत्यसंतानदो भव अपत्यसंतानदो भव, स्नेहदो**

---

૧ આ મંત્રમાં પહેલા કુલકર **વિમલવાહન**નું વર્ણન છે. ભાવાર્થ એવો છે કે, "સુવર્ણના જેવી કાંતિવાળા, શ્યામવર્ણવાળી **ચંદ્રયશા** નામની સ્ત્રીએ સહિત અને '**હા**' તમે આ શું કર્યું ? એવા ઉચ્ચારથી જ નીતિમાર્ગને ચલાવનાર, એવા **વિમલવાહન** નામના પહેલા કુલકરને નમસ્કાર હો. હે પ્રથમ કુલકર ! તમે આ વિવાહ મહોત્સવમાં આવો, આ સ્થાને રહો, સાંનિધ્ય કરો અને ક્ષેમ–કુશલ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્ત્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્ય આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ઘ્ય, પગ ધોવાનું જલ, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો અને તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**भव स्नेहदो भव, राज्यदो भव राज्यदो भव, इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण गृहाण सर्वोपचारान् गृहाण गृहाण स्वाहा ”।**

એ મંત્ર ભણી તે પુષ્પ વડે આહ્વાન, સ્થાપન અને સંનિહિત કરી જલ તથા પુષ્પથી અર્ધ્ય, પાદ્ય, બલિ, ચર્ચા અને આચમન આપવા.

પછી નીચેના મંત્રો બોલી તેમાં કહેલા પદાર્થ બે બે અર્પણ કરવા.

| | |
|---|---|
| ॐ **गंधं नमः ।** | બે તિલક કરવા. |
| ॐ **पुष्पं नमः ।** | બે પુષ્પ મુકવા. |
| ॐ **धूपं नमः ।** | બે ધૂપ કરવા. |
| ॐ **दीपं नमः ।** | બે દીવા કરવા. |
| ॐ **उपवीतं नमः ।** | એક જનોઇને માટે નાડું મુકવું. |
| ॐ **भूषणं नमः ।** | બે, શક્તિ હોય તો સોનામોર અથવા રૂપાનાણું કે તાંબાનાણું |
| ॐ **नैवेद्यं नमः ।** | બે નૈવેદ્ય ધરવાં. ( મૂકવું. ) |
| ॐ **तांबूलं नमः ।** | બે તાંબુલ મૂકવાં. |

ઉપર પ્રમાણે બધા કુલકરોની જુદી જુદી રીતે પૂજા કરવી. તેના જુદા જુદા મંત્રો નીચે પ્રમાણે છે.

## બીજા કુલકર ચક્ષુષ્માનનું પૂજન.

“ ॐ[1] **नमो द्वितीयकुलकराय, श्यामवर्णाय, श्याम-**

૧ આ મંત્રમાં બીજા કુલકર **ચક્ષુષ્માનનું** વર્ણન છે. ભાવાર્થ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वर्णचंद्रकांताप्रियतमासहिताय, हाकारमात्रख्यापितन्याय्यपथाय, चक्षुष्मदभिधानाय, इह विवाहमहोत्सवादौ आगच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वोपचारान् गृहाण २ स्वाहा ”।

ॐ गंधं नमः। ॐ पुष्पं नमः। ॐ धूपं नमः। ॐ दीपं नमः। ॐ उपवीतं नमः। ॐ भूषणं नमः। ॐ नैवेद्यं नमः। ॐ तांबूलं नमः॥

આ મંત્ર ભણી આહ્વાન, સ્થાપન તથા સાંનિધ્ય કરી અર્ઘ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, બે તિલક, બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઇ, બે રૂપાનાણા કે તાંબાનાણા, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

---

એવો છે કે-“ શ્યામ વર્ણવાળા, શ્યામવર્ણવાળી ચંદ્રકાંતા નામની સ્રીએ સહિત, ‘ હા ’ કારના ઉચ્ચારથી નીતિમાર્ગને ચલાવનાર એવા ચક્ષુષ્માન્ નામના બીજા કુલકરને નમસ્કાર હો. હે બીજા કુલકર! તમે આ વિવાહમહોત્સવમાં આવો, આ સ્થાને રહો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્યને આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ઘ્ય. પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો અને તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો. ”

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ત્રીજા કુલકર યશસ્વીનું પૂજન.

" ॐ नमस्तृतीयकुलकराय, श्यामवर्णाय श्याम-वर्णसुरूपाप्रियतमासहिताय, माकारमात्रख्यापितन्याय्यपथाय, यशस्व्यभिधानाय, इह विवाहमहोत्सवादौ आगच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वोपचरान् गृहाण २ स्वाहा । "

ॐ गंधं नमः । ॐ पुष्पं नमः । ॐ धूपंनमः । ॐ दीपं नमः । ॐ उपवीतं नमः । ॐ भूषणं नमः । ॐ नैवेद्यं नमः । ॐ तांबूलं नमः ॥

ઉપર પ્રમાણે ભણી, આવ્હાન, સ્થાપન તથા સાંનિધ્ય કરી અર્ઘ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, એ તિલક,

---

૧ આ મંત્રમાં ત્રીજા કુલકર " **યશસ્વી** " નું વર્ણન છે. ભાવાર્થ એવો છે કે-" શ્વેત વર્ણવાળા, શ્યામ વર્ણવાળી " સુરૂપા " નામની સ્ત્રીએ સહિત, ' મા ' ( તેમ કરશો નહીં ) એવા ઉચ્ચારથી ન્યાયમાર્ગને ચલાવનાર એવા " યશસ્વી " નામના ત્રીજા કુલકરને નમસ્કાર હો. હે ત્રીજા કુલકર, તમે આ વિવાહ મહોત્સવમાં આવો, આ સ્થાને રહો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્ત્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્યને આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ઘ્ય, પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો અને તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઇ, બે રૂપા કે તાંબા-નાણું, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

## ચોથા કુલકર અભિચંદ્રનું પૂજન.

"ॐ[1] नमश्चतुर्थकुलकराय, श्वेतवर्णाय, श्यामवर्णप्रतिरूपाप्रियतमासहिताय, माकारमात्रख्यापितन्याय्यपथाय, अभिचंद्राभिधानाय, इहविवाहमहोत्सवादौ आगच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वोपचारान् गृहाण २ स्वाहा ।"

ॐ गंधं नमः । ॐ पुष्पं नमः । ॐ धूपं नमः । ॐ दीपं नमः । ॐ उपवीतं नमः । ॐ भूषणं नमः । ॐ नैवेद्यं नमः । ॐ तांबूलं नमः ॥

---

૧ આ મંત્રમાં ચોથા કુલકર **'અભિચંદ્ર'**નું વર્ણન છે. ભાવાર્થ એવો છે કે, "શ્વેતવર્ણ વાળા, શ્યામવર્ણવાળી 'પ્રતિરૂપા' નામની સ્ત્રીએ સહિત અને 'મા' એવા ઉચ્ચારથી ન્યાયમાર્ગને ચલાવનાર એવા 'અભિચંદ્ર' નામના ચોથા કુલકરને નમસ્કાર હો. હે ચોથા કુલકર ! તમે આ વિવાહમહોત્સવમાં આવો, આ સ્થાને રહો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્ય આપનારા થાઓ, આ અર્પણ કરેલા અર્ઘ્ય, પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર પ્રમાણે ભણી, આવ્હાન, સ્થાપન તથા સાંનિધ્ય કરી અર્ધ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, બે તિલક, બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઇ, બે રૂપા કે તાંબા નાણું, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

## પાંચમા કુલકર પ્રસેનજિત્‌નું પૂજન.

**"ॐ[1] नमः पंचमकुलकराय, श्यामवर्णाय, श्यामवर्ण-चक्षुःकांताप्रियतमासहिताय, धिक्कारमात्रख्यापितन्याय्य-पथार्य[2], प्रसेनजिदभिधानाय, इह विवाहमहोत्सवादौ आ-गच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वो-पचारान् गृहाण २ स्वाहा ।"**

**ॐ गंधं नमः । ॐ पुष्पं नमः । ॐ धूपं नमः ।**

---

૧ આ મંત્રમાં પાંચમા કુલકર "**પ્રસેનજિત્**" નું વર્ણન છે. ભાવાર્થ એવો છે કે-શ્યામ વર્ણવાળા, શ્યામવર્ણવાળી 'ચક્ષુઃકાંતા' નામની સ્રીએ યુક્ત, 'ધિક્કાર' એ શબ્દના ઉચ્ચારથીજ ન્યાય માર્ગ ચલાવનારા એવા **પ્રસેનજિત્** નામના પાંચમા કુલકરને નમસ્કાર હો. હે પાંચમા કુલકર ! તમે આ વિવાહમહોત્સવમાં આવો, આ સ્થાને બેસો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્ત્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્ય આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ધ્ય, પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો અને તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો."

૨ આમાં ધિક્કાર માત્ર નીતિ કહી છે એના ઉપલક્ષણથી પ્રથમની બે નીતિ પણ છેલા ત્રણ કુલકરના વખતમાં સમજવી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ॐ दीपं नमः । ॐ उपवीतं नमः । ॐ भूषणं नमः । ॐ नैवेद्यं नमः । ॐ तांबूलं नमः ॥**

ઉપર પ્રમાણે ભણી, આહ્વાન, સ્થાપન, સાંનિધ્ય કરી અર્ધ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, બે તિલક, બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઇ, બે રૂપા કે તાંબાનાણું, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

## છઠ્ઠા કુલકર મરૂદેવનું પૂજન.

**" ॐ [1]नमः षष्ठकुलकराय, स्वर्णवर्णाय, श्यामवर्ण-श्रीकांताप्रियतमासहिताय, धिक्कारमात्रख्यापितन्याय्यपथाय, मरुदेवाभिधानाय इह विवाहमहोत्वादौ आगच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वोपचारान् गृहाण २ स्वाहा " ।**

---

१ આ મંત્રમાં છઠ્ઠા કુલકર **મરૂદેવનું** વર્ણન છે. ભાવાર્થ એવો છે કે, "સુવર્ણના જેવા વર્ણવાળા, શ્યામ વર્ણવાળી 'શ્રીકાંતા' સ્ત્રીએ યુક્ત, (માત્ર) ધિક્કારના ઉચ્ચારથી નીતિને ચલાવનારા એવા **મરૂદેવ** નામના છઠ્ઠા કુલકરને નમસ્કાર હો. હે છઠ્ઠા કુલકર! તમે આ વિવાહ-મહોત્સવમાં આવો, આ સ્થાને બેસો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્ત્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્ય આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ધ્ય, પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો અને તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ॐ गंधं नमः । ॐ पुष्पं नमः । ॐ धूपं नमः । ॐ दीपं नमः । ॐ उपवीतं नमः। ॐ भूषणं नमः। ॐ नैवेद्यं नमः । ॐ तांबूलं नमः ॥**

ઉપર પ્રમાણે ભણી આવ્હાન, સ્થાપન, તથા સાંનિધ્ય કરી અર્ઘ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, બે તિલક, બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઈ, બે રૂપા કે તાંબાનાણું, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

## સાતમા કુલકર નાભિનું પૂજન.

**"[1]ॐ नमः सप्तमकुलकराय, कांचनवर्णाय, श्यामवर्ण-मरुदेवाप्रियतमासहिताय, धिक्कारमात्रख्यापितन्याय्यपथाय, नाभ्यभिधानाय, इह विवाहमहोत्सवादौ आगच्छ २ इह स्थाने तिष्ठ २ संनिहितो भव २ क्षेमदो भव २ उत्सवदो भव २ आनंददो भव २ भोगदो भव २ कीर्त्तिदो भव २ अपत्यसंतानदो भव २ स्नेहदो भव २ राज्यदो**

---

૧ આ મંત્રમાં સાતમા કુલકર **નાભિનું** વર્ણન છે. ભાવાર્થ એવો છે કે, "કાંચનવર્ણી કાયાવાળા, શ્યામ વર્ણવાળી 'મરૂદેવા' નામની સ્ત્રીએ સહિત, ધિક્કારમાત્રથી જ ન્યાયમાર્ગને ચલાવનારા એવા સાતમા કુલકર **નાભિને** નમસ્કાર હો. હે સાતમા કુલકર! તમે આ વિવાહમહોત્સવમાં આવો, આ સ્થાને બેસો, સાંનિધ્ય કરો અને અમને ક્ષેમ, ઉત્સવ, આનંદ, ભોગ, કીર્ત્તિ, સંતતિ, સ્નેહ અને રાજ્ય આપનારા થાઓ. આ અર્પણ કરેલા અર્ઘ્ય, પાદ્ય, બલિદાન, ચર્ચા અને આચમન ગ્રહણ કરો તથા તે સાથે બીજા સર્વ ઉપચાર સ્વીકારો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**भव २ इदमर्घ्यं पाद्यं बलिं चर्चां आचमनीयं गृहाण २ सर्वोपचारान् गृहाण २ स्वाहा "।**

**ॐ गंधं नमः । ॐ पुष्पं नमः । ॐ धूपं नमः । ॐ दीपं नमः । ॐ उपवीतं नमः । ॐ भूषणं नमः । ॐ नैवेद्यं नमः । ॐ तांबूलं नमः ॥**

ઉપર પ્રમાણે ભણી પ્રથમ આહ્વાન, સ્થાપન તથા સાંનિધ્ય કરી અર્ઘ્ય, પાદ્ય, બલિ, ચર્ચા, આચમન, બે તિલક, બે પુષ્પ, બે ધૂપ, બે દીવા, એક જનોઈ, બે રૂપા કે તાંબા નાણાં, બે નૈવેદ્ય અને બે તાંબૂલ અર્પણ કરવાં.

એ પ્રમાણે સાત કુલકરનું સ્થાપન અને પૂજન કરી ગોરનો આશીર્વાદ લઈ વરે ઉઠી સર્વ માતા પિતા પ્રમુખ વડિલવર્ગને પ્રણામ કરવા.

આ માતૃકા સ્થાપન અને કુલકરની સ્થાપના વિવાહ વીત્યા પછી સાત દિવસ રાખવા કહ્યું છે, પણ તે વિષે દેશાચાર ને અનુકૂળતા પ્રમાણે વર્ત્તવું.

## ઇતિ કુલકરસ્થાપન વિધિઃ

કોરા મૃત્તિકાના પાત્રમાં યવાંકુર (જવારા) વાવવાનું પણ અહીં કહ્યું છે. માતૃકાસ્થાપન અને કુલકરસ્થાપનના દિવસથી માંડીને લગ્નના દિવસ સુધી દરરોજ સુગંધી તેલ અને પીઠી ચોળી વર કન્યાને સ્નાન કરાવવું. આ શુભ પ્રસંગે દેવપૂજા, આંગી, અઠ્ઠાઈ ઉત્સવ અને તીર્થરચના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શક્તિ પ્રમાણે થવી જોઇએ. કારણ કે, દરેક સાંસારિક શુભ કાર્ય ધર્મકાર્યપૂર્વક થવાથી નિર્વિઘ્ને અભ્યુદય આપે છે.

## મંડપસ્થાપના.

મંડપની સ્થાપના કન્યાને ઘેર થવી જોઇએ, પણ હાલ રીવાજ પ્રમાણે વરને ઘેર પણ મંડપ સ્થાપના કરે છે. એ મંડપ સ્થાપના ચોરીની વેદિકાનું ખાત મુહૂર્ત્ત છે. તે ચોરીની વેદિકા મંડપની અંદર થવી જોઇએ પણ હાલ રીવાજ પ્રમાણે ચોરીની વેદિકા મંડપની બાહર કે અંદર સગવડ પ્રમાણે કરવામાં આવે છે. માંડવા મુહૂર્ત્ત લગ્નના દિવસે જ કરવામાં આવે તો વધારે અનુકૂલ થાય તેમ છે અથવા રૂઢી પ્રમાણે પહેલાં કરવાથી કાંઈ બાધ નથી. તેને માટે વેદી પ્રતિષ્ઠા અને તોરણ બાંધવાનો જે વિધિ કરવાનો છે તે ચોરીને પ્રસંગે દર્શાવવામાં આવ્યો છે.

## ગ્રહશાંતિ.

જો માતૃકાસ્થાપન અને કુલકરની સ્થાપના વહેલી કરવામાં આવી હોય તો લગ્ન થતાં સુધી દરરોજ શાંતિ પુષ્ટિ માટે સાત સ્મરણ તથા ગ્રહશાંતિ સ્તોત્ર ભણાવવું જોઇએ. દરરોજ ન બને તો લગ્નના દિવસે તો અવશ્ય ભણાવવું.

## લગ્નનો વરઘોડો.

લગ્નના સમય પહેલાં વરને તેલ પીઠીના મર્દનપૂર્વક સ્નાન કરાવી, કપાલે કુંકુંમનું તિલક કરી સુશોભિત વસ્ત્રાભૂષણ પહેરાવી. ગોત્રજ તથા સાત કુલકરને પગે લગાડી, કંઠમાં પુષ્પમાલા ધારણ કરાવી, માથે મુગટ ( પાઘડી ) મુકી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘોડા, હાથી અથવા પાલખી ઉપર બેસારવો. માથે છત્ર ધરાવવું. બે બાજુ પંખા વીંઝાવવા, વરની બેને લુણ ઉતારવું. આગળ વાજીંત્ર ગીત અને નૃત્ય કરાવવું. જ્ઞાતિ તથા સંબંધીજને સુશોભિત વેષ ધારણ કરી મુખમાં તાંબૂલ રાખી આગળ ચાલવું. વરની બંને બાજુ કે પાછળ ચાલતી જ્ઞાતિની સ્ત્રીઓએ મંગલગીત ગાવા. આ પ્રસંગે ગોરે વરની આગળ નીચે લખેલો શાંતિમંત્ર ભણતાં ચાલવું.

" ॐ अर्हं आदिमोऽर्हन् । आदिमो नृपः । आदिमो यंता । आदिमो नियंता । आदिमो गुरुः । आदिमः स्रष्टा । आदिमः कर्त्ता । आदिमो भर्त्ता । आदिमो जयी । आदिमो नयी । आदिमः शिल्पी । आदिमो विद्वान् । आदिमो जल्पकः । आदिमः शास्ता । आदिमो रौद्रः । आदिमः सौम्यः । आदिमः काम्यः । आदिमः शरण्यः । आदिमो दाता । आदिमो वंद्यः । आदिमः स्तुत्यः । आदिमो ज्ञेयः । आदिमो ध्येयः । आदिमो भोक्ता । आदिमः सोढा । आदिम एकः । आदिमोऽनेकः । आदिमः स्थूलः । आदिमः कर्मवान् । आदिमोऽकर्मा । आदिमो धर्मवित् । आदिमोऽनुष्ठेयः । आदिमोऽनुष्ठाता । आदिमः

---

૧ વરઘોડા વખતે ગોર આ શાંતિમંત્ર ભણે છે. ભાવાર્થ એવો છે કે, જે આદિનાથ ભગવંત આ જગતમાં પહેલા અર્હત, પહેલા રાજા, પહેલા યંતા, પહેલા નિયંતા, પહેલા ગુરૂ, પહેલા સ્રષ્ટા, પહેલા કર્ત્તા, પહેલા ભર્ત્તા, પહેલા જયવંત, પહેલા ન્યાયી, પહેલા શિલ્પી, પહેલા વિદ્વાન, પહેલા વક્તા, પહેલા શિક્ષક, પહેલા રૌદ્ર ( ભયંકર. પાપીઓને ),

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सहनः । आदिमो दशावान् । आदिमः सकलत्रः । आदिमो निःकलत्रः । आदिमो विवोढा । आदिमः ख्यापकः । आदिमो ज्ञापकः । आदिमो विदुरः । आदिमः कुशलः । आदिमो वैज्ञानिकः । आदिमः सेव्यः । आदिमो गम्यः । आदिमो विमृश्यः । आदिमो विमृष्टा । सुरासुरनरोरगप्रणतः । प्राप्तविमलकेवलो यो गीयते सकलप्राणिगणहितः । दयालुः । अपरापेक्षः । परात्मा । परं ज्योतिः । परं ब्रह्म । परमैश्वर्यभाक् । परंपरः । परात्परः । जगदुत्तमः । सर्वगः । सर्ववित् । सर्वजित् । सर्वीयः । सर्वप्रशस्यः । सर्ववंद्यः । सर्वपूज्यः । सर्वात्मा । असंसारः । अव्ययः । अवार्यवीर्यः ।

---

પહેલા સૌમ્ય, પહેલા ઇચ્છવા યોગ્ય, પહેલા શરણ કરવા યોગ્ય, પહેલા દાતાર, પહેલા વાંદવા યોગ્ય, પહેલા સ્તુતિ કરવા યોગ્ય, પહેલા જાણવા યોગ્ય, પહેલા ધ્યાન કરવા યોગ્ય, પહેલા ભોક્તા, પહેલા સહન કરનાર, પહેલા એક, પહેલા અનેક, પહેલા સ્થૂલ, પહેલા કર્મવાન્, પહેલા કર્મરહિત, પહેલા ધર્મના જાણ, પહેલા આચરવા યોગ્ય, પહેલા આચરણ કરનાર, પહેલા સહજ, પહેલા દશાવાન્, પહેલા સ્ત્રીવાળા, પહેલા સ્ત્રી રહિત, પહેલા વિવાહ કરનાર, પહેલા ખ્યાપક, પહેલા જ્ઞાપક ( જણાવનારા ), પહેલા જ્ઞાતા, પહેલા કુશલ, પહેલા વિજ્ઞાની, પહેલા સેવવા યોગ્ય, પહેલા પામવા યોગ્ય, પહેલા વિચાર કરવા યોગ્ય અને પહેલા વિચાર કરનાર છે. જે દેવ, અસુર, નર, તથા નાગકુમારોએ નમેલા છે. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી જે સર્વ પ્રાણિવર્ગના હિતકારી રૂપે ગવાયા છે. જે દયાળુ બીજાની અપેક્ષા રહિત, પરમાત્મા, પરમ જ્યોતિરૂપ, પરબ્રહ્મ, પરમ ઐશ્વર્યવાળા, પરંપર, પરાત્પર, સર્વ જગતમાં ઉત્તમ, સર્વ વ્યાપક, સર્વજ્ઞ, સર્વને જિતનાર, સર્વના હિતેચ્છુ, સર્વને પ્રશંસવા યોગ્ય, સર્વને વાંદવા યોગ્ય, સર્વને પૂજવા યોગ્ય, સર્વાત્મા, સંસારરહિત, નાશરહિત અને અનિવાર્ય વીર્યને ધરનારા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**श्रीसंश्रयः। श्रेयः संश्रयः। विश्वावश्यायहृत्। संशयहृत्। विश्वसारः। निरंजनः। निर्ममः। निष्कलंकः। निष्पाप्मा। निष्पुण्यः। निर्मनाः। निर्वचाः। निर्देहः। निःसंशयः। निराधारः। निरवधिः। प्रमाणं। प्रमेयं। प्रमाता। जीवाजीवाश्रवसंवरनिर्जराबंधमोक्षप्रकाशकः। स एव भगवान्। शांतिं करोतु। तुष्टिं करोतु। पुष्टिं करोतु। ऋद्धिं करोतु। वृद्धिं करोतु। सुखं करोतु। सौख्यं करोतु। श्रियं करोतु। लक्ष्मीं करोतु। अर्हं ॐ।**

( આ મંત્ર જેટલીવાર બોલાય તેટલીવાર બોલવો ) આ પ્રમાણે બોલતાં વરઘોડો કન્યાને ઘેર આવી પહોંચે તે અગાઉ કન્યાને પણ વરની જેમ તેલ પીઠીના મર્દનપૂર્વક સ્નાન કરાવી કપાલે તિલક રચી વસ્ત્રાભૂષણ (ચુડો પાનેતર) પહેરાવી માતૃકાને ગોત્રજના દર્શન તથા પૂજન કરાવી તૈયાર રાખવી. અને મંડપમાં બાજોઠપર બેસારવી. ( હાલ તો વર આવ્યા પછી કન્યાને પધરાવવાનો રીવાજ છે. )

વર દ્વાર આગળ આવે એટલે તેને બાજોઠ ઉપર ઉભો રાખી વસ્ત્રનું અંતર્પટ કરી તંબોલ છંટાવવા વિગેરે રીવાજ

---

શાશ્વત લક્ષ્મીના આશ્રય, કલ્યાણના આશ્રય, સર્વના અભિમાનને હરનારા, સંશયને દૂર કરનારા, વિશ્વમાં સાર રૂપ, નિરંજન, નિર્મલ, નિષ્કલંક, નિષ્પાપ, પુણ્ય રહિત, મન રહિત, વચન રહિત, દેહ રહિત, સંશય રહિત, આધાર રહિત, અવધિ રહિત, પ્રમાણ, પ્રમેય અને પ્રમાતારૂપ, જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષને પ્રકાશ કરનારા છે તે શ્રી આદીશ્વર ભગવંત આ વરને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, સુખ, સૌખ્ય, શ્રી અને લક્ષ્મી કરો. ( આપો )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણે કરવું. તે પછી રૂઢિ પ્રમાણે પોંખણાની ક્રિયા કરવી.[૧] તે પ્રસંગે પાર્શ્વનાથના વિવાહલામાં છે તે ગીતો ગાવા.

વરને પેસવાના ડાબી બાજુએ એક સરાવ (રામૈયા)માં અંગારા અને લુણ નાખી તેની ઉપર બીજું સરાવ ઢાંકી લાલ નાડું બાંધી તે સંપુટ આગળ મુકવું અને વરે તેને પોતાના પગ વતી ભાંગી દ્વારમાં પ્રવેશ કરવો.

કન્યાની માએ વરના ગળામાં લાલ[૨] વસ્ત્ર નાખી વરને માયરામાં લઈ આવવો અને પ્રથમ તૈયારી કરી બેસારેલી કન્યાની ડાબી બાજુએ અથવા સન્મુખ આસન ઉપર બેસાડવો.

## માયરાનો પ્રકાર.

જે ઠેકાણે માયરૂં કરવાનું હોય તે સ્થાનને ચારે બાજુ શણગારવું. ઉપર ચંદરવા વિગેરે બાંધવા. ઘણે ઠેકાણે પ્રાયે માતૃગૃહથી માયરૂં જુદુંજ કરવામાં આવે છે, વર-કન્યાની આગળ કન્યાના માતાપિતાના બે આસનો ગોઠવવા અને એક તરફ ગોરનું આસન ગોઠવવું. માયરા વખતે નીચેની સામગ્રી ત્યાં તૈયાર રાખવી.

## માયરાની સામગ્રી.

| | |
|---|---|
| શુદ્ધ જલનો કળશ. | રૂપાનાણું. કંકુ. નાડુ. ચોખા. |
| બે મીંઢલ. શળીનો લેપ. | દહીં, દુધ વિગેરે અર્ઘનો સામાન |
| સોપારી, પાન, પુષ્પ વિગેરે. | |

---

૧ આચારદિનકરમાં પુંખણાનો પ્રકાર કહ્યો નથી પણ તે ઠેકાણે સાસુએ વરની આરતી ઉતારવાનું લખેલું છે.

૨ લાલ વસ્ત્રને બદલે હાલ વરમાળા નાખવાનો રીવાજ ચાલે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર અને કન્યા બેઠા પછી સુગંધી ધૂપ જારી રાખવો અને ગોરે નીચે લખેલો મંગલપાઠ ઉંચે સ્વરે ભણવો.

## મંગલાષ્ટક.

શાર્દૂલવિક્રીડિતમ્.

प्राकारैस्त्रिभिरुत्तमा सुरगणैः संसेविता सुंदरा
सर्वांगैर्मणिकिंकिणीरणझणज्झांकाररावैर्वरा ।
यस्यानन्यतमा सुभूमिरभवद् व्याख्यानकाले ध्रुवं
स श्रीदेवजिनेश्वरोऽभिमतदो भूयात्सदा प्राणिनाम् १

વસંતતિલકા.

[2] ये पूजिताः सुरगिरौ विविधैः प्रकारैः
क्षीरोदसागरजलैरमरासुरेशैः ।
जन्माभिषेकसमये वरभक्तियुक्तै-
स्ते श्रीजिनाधिपतयो भविकान् पुनन्तु ॥ २ ॥

---

૧ મંગલાષ્ટકના શ્લોકનો ભાવાર્થ—" જે ભગવતના વ્યાખ્યાન વખતે સમવસરણની ભૂમિ ત્રણ કિલ્લાઓથી ઉત્તમ, દેવગણોએ સેવેલી, સર્વ અંગે સુંદર અને મણિમય ઘુઘરીઓના ઝણકારથી મનોહર થઈ અનન્યપણે શોભી રહે છે, તે શ્રી જિનેશ્વર ભગવંત સર્વ પ્રાણીઓને હમેશાં વાંછિત આપનારા થાઓ..

૨ જન્માભિષેકને સમયે સુરેંદ્રોએ અને અસુરેંદ્રોએ ઉત્તમ ભક્તિએ યુક્ત થઇ મેરૂગિરિ ઉપર ક્ષીરસાગરના જળથી જેઓને વિવિધ પ્રકારે પૂજેલા છે, તે શ્રીતીર્થંકરો સર્વ ભવિજનને પવિત્ર કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિખરિણી.

गतौ[3] रागद्वेषौ विविधगतिसंचारजनकौ
महामल्लौ दुष्टावतिशयबलौ यस्य बलिनः ।
प्रभोर्देवार्यस्य प्रचुरतरकर्मारिविकलं
नमामो देवं तं विबुधजनपूजातिकलितम् ॥ ३ ॥

શાર્દૂલવિક્રીડિતમ્.

ये नो पंडितमानिनः शमदमस्वाध्यायाचिंताचिताः,
रागादिग्रहवंचिता न मुनिभिः संसेविता नित्यशः ।
नाकृष्टा विषयैर्मदैर्न मुदिता ध्याने सदा तत्पराः,
ते श्रीमन्मुनिपुंगवा गणिवराः कुर्वंतु वो मंगलम् ॥ ४ ॥

અનુષ્ટુપ્.

मंगलं भगवान् वीरो, मंगलं गौतमः प्रभुः ।
मंगलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलम् ॥ ५ ॥

---

૩ વિવિધ ગતિઓમાં સંચાર કરાવનારા અને અતિશય બલવાલા રાગ અને દ્વેષ રૂપી બે દુષ્ટ મહામલ્લો જે પ્રબલ પ્રભુએ છોડી દીધા છે એવા ઘણાં કર્મ રૂપી શત્રુઓથી રહિત અને દેવતાઓએ પૂજિત સર્વજ્ઞ દેવને અમે નમીએ છીએ.

૪ “ જેઓ પોતાને પંડિત માનતા નથી, જેઓં હમેશાં શમ, દમ અને સ્વાધ્યાય (સઝાય)નું સદા ચિંતન કરે છે, રાગાદિ ગ્રહોથી જેઓ ઠગાયા નથી, મુનિઓએ જેમને નિત્ય સેવ્યા છે, જેઓ વિષયોથી ખેંચાયા નથી, જેઓ મદથી મુદિત થયા નથી અને જેઓ હમેશાં ધ્યાનમાં તત્પર છે એવા તે શ્રી ગણધર મુનિવરો તમારૂં મંગલ કરો.”

૫ શ્રી વીરભગવંત મંગલ રૂપ હો, ગૌતમપ્રભુ મંગલ રૂપ હો, સ્થૂલભદ્ર વિગેરે મુનિઓ મંગલ રૂપ હો અને શ્રી જૈનધર્મ મંગલ રૂપ હો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नाभेयाद्या जिनाः सर्वे भरताद्याश्च चक्रिणः ।
कुर्वंतु मंगलं सर्वे विष्णवः प्रतिविष्णवः ॥ ६ ॥
नाभिसिद्धार्थभूपाद्या जिनानां पितरः समे ।
पालिताखंडसाम्राज्या जनयन्तु जयं मम ॥ ७ ॥
मरुदेवी-त्रिशलाद्या विख्याता जिनमातरः ।
त्रिजगज्जनितानंदा मंगलाय भवंतु मे ॥ ८ ॥
श्रीपुंडरीकेंद्रभूति-प्रमुखा गणधारिणः ।
श्रुतकेवलिनोऽपीह मंगलानि दिशंतु मे ॥ ९ ॥
ब्राह्मीचंदनबालाद्या महासत्यो महत्तराः ।
अखंडशीललीलाढ्या यच्छंतु मम मंगलम् ॥ १० ॥
चक्रेश्वरी-सिद्धायिका-मुख्याः शासनदेवताः ।
सम्यग्दृशां विघ्नहरा रचयंतु जयश्रियम् ॥ ११ ॥

---

૬ શ્રી આદિનાથ પ્રમુખ સર્વ તીર્થંકરો, ભરત વિગેરે ચક્રવર્ત્તીઓ અને સર્વ વાસુદેવ તથા પ્રતિવાસુદેવો મંગલ કરો.

૭ નાભિ અને સિદ્ધાર્થ રાજા વિગેરે સર્વે તીર્થંકરોના પિતાઓ કે જેમણે અખંડિતપણે સામ્રાજ્યનું પાલન કરેલું છે, તેઓ મને જય આપો.

૮ ત્રણ જગતને આનંદ કરનારી મરૂદેવી તથા ત્રિશલા વિગેરે જિનભગવંતની વિખ્યાત માતાઓ મારા મંગળને માટે થાઓ.

૯ શ્રુતકેવલી એવા શ્રી પુંડરીક તથા ઇંદ્રભૂતિ વિગેરે ગણધરો મને મંગલ આપો.

૧૦ અખંડિત શીલવાળી બ્રાહ્મી તથા ચંદનબાલા વિગેરે મહત્તરાઓ મહાસતીઓ ( સાધ્વીઓ ) મને મંગલ આપો.

૧૧ ચક્રેશ્વરી તથા સિદ્ધાયિકા વિગેરે શાસનદેવીઓ કે જેઓ સમ્યગ્ દૃષ્ટિઓના વિઘ્નને હરનારી છે, તેઓ અમને વિજયલક્ષ્મી આપો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कपर्दिमातंग–मुख्या यक्षा विख्यातविक्रमाः ।
जैनविघ्नहरा नित्यं दिशंतु मंगलानि मे ॥ १२ ॥

## હસ્તબંધન ( હાથેવાલા ) નો વિધિ.

ઉપર પ્રમાણે મંગલપાઠ ભણ્યા પછી વરકન્યાના હાથે મીંઢલ બાંધેલા ન હોય તો બાંધી વરકન્યાના કંઠમાં વરમાલ નાખી વસ્ત્રના છેડા બાંધવા. પછી કન્યાના માતાપિતા–પાસે અર્ઘ્યપાદ્યથી વરની પૂજા કરાવવી એટલે દહીં દુધ તથા જળથી વરના પગ ધોઇ તે ઉપર ચંદન પુષ્પ ચડાવવાં.

અહીં ગોત્રોચ્ચાર કરવામાં આવે તોપણ કાંઇ બાધ નથી. પછી વરના હાથ ઉપર કન્યાનો હાથ મૂકી તે ઉપર ચંદન અને શમીનો લેપ કરી તેમાં કન્યાના પિતા પાસે રૂપાનાણું મુકાવી ગોરે નીચેનો મંત્ર ભણવો.

## હસ્ત બંધનનો મંત્ર.

*" ॐ अर्हं आत्मासि । जीवोऽसि । समकालोऽसि । समचित्तोऽसि । समकर्माऽसि । समाश्रयोऽसि । समदेहोऽसि । समक्रियोऽसि । समस्नेहोऽसि । समचेष्टितो·

૧૨ પરાક્રમમાં વિખ્યાત અને જૈનોના વિઘ્નને હરનારા કપર્દી અને માતંગ વિગેરે યક્ષો મને મંગલ આપો.

* આ હસ્તમેલાપના મંત્રમાં જીવાત્માને સંબોધી સર્વ રીતે સર્વ ક્રિયામાં વરકન્યાનું ઐકય દર્શાવ્યું છે અને હસ્તમેલાપનો પુદ્ગલિક બાહ્ય સંબંધ જોડાવા સાથે બંનેનો અંતરનો સંબંધ સૂચવ્યો છે–મંત્રનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ऽसि । समाभिलाषोऽसि । समेच्छोऽसि । समप्रमोदोऽसि । समविषादोऽसि । समावस्थोऽसि । समनिमित्तोऽसि । समवचा असि । समक्षुत्तृष्णोऽसि । समगमोऽसि । समागमोऽसि । समविहारोऽसि । समविषयोऽसि । समशब्दोऽसि । समरूपोऽसि । समरसोऽसि । समगंधोऽसि समस्पर्शोऽसि । समेंद्रियोऽसि । समाश्रवोऽसि । समबंधोऽसि । समसंवरोऽसि । समनिर्जरोऽसि । सममोक्षोऽसि । तदेह्येकत्वमिदानीम् । अर्हं ॐ " ॥

આ મંત્ર બોલી રહ્યા પછી હસ્તમેલાપ કરાવવો. પછી વરકન્યાને માયરામાં જ બેસારી રાખવા. તે વખતે સગવડની ખાતર હાથ છુટા કરે છે પણ ખરી રીતે તો ચોરીમાં ચાર ફેરા ફરી રહ્યા પછી જ હાથ છુટા થાય છે. તે ઠેકાણે કરમોચન (હાથ છુટા કરવા) નો વિધિ ખાસ જુદો બતાવ્યો છે. ( અહીં માયરામાં બેઠેલા વરકન્યાને જોવા કન્યા તરફના બૈરાંઓ વરપક્ષના બૈરાંઓને બોલાવવા જાય છે અને મોં જોણું કરે છે ઇત્યાદિ દેશાચાર કરતા હોય તે કરવો. )

---

ભાવાર્થ એવો છે કે, " હે જીવ ! તું આત્મા છે, તું જીવ છે. કાળ, ચિત્ત, કર્મ, આશ્રય, દેહ, ક્રિયા, સ્નેહ, ચેષ્ટા, અભિલાષ, ઇચ્છા, હર્ષ, ખેદ, અવસ્થા અને નિમિત્તમાં તું સમાન છે. વચન, ક્ષુધા, તૃષા, ગમન, આગમન, વિહાર અને વિષયમાં પણ તું સમાન છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ઇંદ્રિય, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષમાં પણ સરખો છે. માટે આ હસ્તમેલાપના સંબંધથી આ વખતે એકતાને પ્રાપ્ત કર "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ચોરીનો પ્રકાર.

મંડપની અંદર અથવા બહાર સગવડ પ્રમાણે ચોરી બાંધવા લાયક છ, આઠ કે દશ હાથ સમચોરસ ભૂમિ પસંદ કરવી અને તેને શુદ્ધ કરાવવી. તેના મધ્ય ભાગે વેદિકા ( ઓટલી ) કરવી. તેની ચારે બાજુ ત્રણ ત્રણ વાંસ ઉભા કરી તેમાં સુવર્ણના, રૂપાના, તાંબાના કે માટીના સાત સાત ઉપરા-ઉપર નાના મોટા કુંભો ( બેડીયા ) ગોઠવવાં. તેની ચારે બાજુ તથા ઉપર બંધ લઇ વસ્ત્રમય, અથવા પત્રમય તોરણ બાંધવા. અને દક્ષિણ બાજુએ આશોપાલવનું તોરણ બાંધવું. વેદિકાની મધ્ય ભાગે અગ્નિ સ્થાપન કરવાને ત્રિકોણાકાર અગ્નિકુંડ કરવો. પછી વરકન્યાને દક્ષિણ દ્વારથી પ્રવેશ કરાવી ડાબા જમણી પૂર્વાભિમુખે પાટલા ઉપર બેસારવા એટલે ડાબી તરફ વર અને જમણી તરફ કન્યા એવી રીતે પૂર્વદિશાતરફ મુખ કરાવી બેસારવા. આ વખતે ગોરે નીચેની સામગ્રી સાથે રાખવી.

## ચોરીની સામગ્રી.

શુદ્ધ જલનો કળશ. શ્રીફળ ૩. ચંદન. અક્ષત. પુષ્પ. ઘી. સોપારી પ્રમુખ.

## હોમની સામગ્રી.

શમી ( ખીજડી ), પીપળો, કોઠી, ઇંદ્રજવ, બીલી અને આંબલા તેમાંથી જે મળે તેનાં ઇંધણાં. વેંત પ્રમાણ સુકાં ડાંખળાં અગ્યાર અગ્યાર.

ઘી. સોપારી પ્રમુખ ફલ. ધરો. દર્ભ. જવ. તલ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વેદિપ્રતિષ્ઠા.

ગોરે વરકન્યાના હાથમાં ચંદન, પુષ્પ અને ચોખા રખાવી નીચેનો મંત્ર ભણવો.

## વેદિપ્રતિષ્ઠામંત્ર.

" ॐ[1] नमः क्षेत्रदेवतायै शिवायै । क्षाँ क्षीँ क्षूँ क्षौ क्षः । इह विवाहमंडपे आगच्छ आगच्छ । इह बलिपरिभोगं गृहाण गृहाण । भोगं देहि । सुखं देहि । यशो देहि । संततिं देहि । ऋद्धिं देहि । वृद्धिं देहि । सर्वसमीहितं देहि देहि स्वाहा " ।

આ મંત્ર ભણી ચોરીની વેદી ઉપર તે ચંદન, પુષ્પ અને અક્ષત ચારે બાજુ નખાવવા.

## તોરણપ્રતિષ્ઠા.

ત્યારપછી ગોરે કન્યાના પિતા વગેરેના હાથમાં ચંદન, પુષ્પ અને ચોખા રખાવી નીચેનો મંત્ર ભણવો.

---

૧ વેદીની પ્રતિષ્ઠામાં ક્ષેત્રદેવતા આવે છે તેથી ત્યાં તેની પૂજા થાય છે. તે મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—" શિવા–કલ્યાણરૂપ એવા ક્ષેત્રદેવતાને નમસ્કાર છે. હે ક્ષેત્રદેવતા ! તમે આ વિવાહમંડપમાં આવો અને અહીંથી બલિદાન ભોગ ગ્રહણ કરો. આ સમયે અમને ભોગ, સુખ, યશ, સંતાન, સમૃદ્ધિ અને વૃદ્ધિ આપો તેમજ અમારા સર્વ મનોરથ પૂરા કરો. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## તોરણપ્રતિષ્ઠામંત્ર.

"ॐ[1] ह्रीँ श्रीँ नमो द्वाराश्रिये, सर्वपूजिते सर्वमानिते, सर्वप्रधाने, इह तोरणस्था सर्वसमीहितं देहि देहि स्वाहा" ॥

એ મંત્ર ભણ્યા પછી તે ચંદન પુષ્પ અને અક્ષત તોરણ ઉપર નખાવવા.

## અગ્નિસ્થાપન.

ચોરીની વેદિકામાં જે ત્રિકોણાકાર કુંડ કરેલો છે. તેમાં ધુમાડા વગરનો અગ્નિ ઘરમાંથી મંગાવવો અને તેનું સ્થાપન કરવું. તે વખતે નીચેનો મંત્ર ભણવો.

## અગ્નિસ્થાપનમંત્ર.

"ॐ[2] ह्राँ ह्रीँ ह्रौँ ह्रः । नमोऽग्नये । नमो बृहद्भानवे । नमोऽनंततेजसे । नमोऽनंतवीर्याय । नमोऽनंतगुणाय ।

---

૧ તોરણમાં દ્વારલક્ષ્મીની પ્રતિષ્ઠા થાય છે–તે મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—" દ્વારલક્ષ્મીને નમસ્કાર હો. સર્વે પૂજેલા, સર્વે માનેલા અને સર્વમાં પ્રધાનરૂપ એવા હે દ્વારલક્ષ્મી, તમે આ તોરણમાં રહી અમોને સર્વ વાંછિત આપો."

૨ અગ્નિ સ્થાપનના મંત્રમાં અગ્નિકુમાર રૂપ અગ્નિનું વર્ણન છે. તે મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-" મોટા કીરણોવાળા, અનંત તેજ, વીર્ય અને ગુણને ધરનારા, હિરણ્ય–સુવર્ણમય તેજવાલા, મેષના વાહનવાલા અને હવ્ય (હોમ દ્રવ્ય) ને સ્વીકારનારા એવા અગ્નિને નમસ્કાર હો, હે અગ્નિ, આ કુંડમાં આવો, ઉતરો અને બેસો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नमो हिरण्यतेजसे । नमः छागवाहनाय । नमो हव्याशनाय । अत्र कुंडे आगच्छ आगच्छ । अवतर अवतर । तिष्ठ तिष्ठ स्वाहा " ॥

આ મંત્ર ભણી કુંડમાં અગ્નિખુણે અગ્નિનું સ્થાપન કરવું. પછી ગોરે ઉત્તર દિશા તરફ મુખ રાખી હોમની સામગ્રી પાસે લઇ નીચેના જુદા જુદા મંત્રો બોલી દરેક મંત્રને છેડે અગ્નિમાં હોમ કરવો.

## હોમના મંત્રો.

"[१] ॐ अर्हं । अग्ने ! प्रसन्नः सावधानो भव । तवायमवसरः । तदाहारय । इंद्रं, यमं, नैर्ऋतं, वरुणं, वायुं, कुबेरं, ईशानं, नागं, ब्रह्माणं लोकपालान् । इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा " ॥ १ ॥

"[२] ॐ अर्हं अग्ने ० ग्रहांश्च सूर्य-शशि-कुज-सौम्य-बृह-

---

૧ આ મંત્રમાં દશ દિગ્પાલને માટે હોમ આવે છે–મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે–હે અગ્નિ ! તમે પ્રસન્ન થઇ સાવધાન થાઓ. આ તમારો અવસર છે. તમે આ હોમેલું દ્રવ્ય લઇ જાઓ અને યમ, નૈર્ઋત વરૂણ, વાયુ, કુબેર, ઇશાન, નાગ તથા બ્રહ્મ વિગેરે લોકપાલોને આ અર્ધ્ય, પાદ્ય, આચમન, બલિદાન, અને ચરૂ, જે હોમેલા છે તે ગ્રહણ કરાવો અને તમે પોતે ગ્રહણ કરો.

૨ આ મંત્રમાં સૂર્યાદિ નવ ગ્રહને માટે હોમ છે. ભાવાર્થ ઉપર પ્રમાણે છે–વિશેષમાં એટલું કે, આ મંત્રથી સૂર્ય, ચંદ્ર, મંગલ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવ ગ્રહોને હોમનું દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्पति-कवि-शनि-राहु-केतून् इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा " ॥ २ ॥

"ॐ[3] अर्हं अग्ने ० सुरांश्च इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा " ॥ ३ ॥

"ॐ[4] अर्हं अग्ने ० असुर-नाग-सुपर्ण-विद्युदग्निद्वीपो-दधि-दिग्-वायु-स्तनित-कुमारान् भुवनपतीन् इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा " ॥ ४ ॥

"ॐ[5] अर्हं अग्ने ० पिशाच-भूत-यक्ष-राक्षस-किंनर किंपुरुष-महोरग-गंधर्वान् व्यंतरान् इदमर्घ्यं पाद्यमाचम-

---

૩ આ મંત્રમાં સામાન્યે ચારે નિકાયના સુર-દેવતાને માટે હોમ છે. ભાવાર્થ ઉપર પ્રમાણે છે. તેમાં દેવતાઓને હોમ દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

૪ આ મંત્રમાં ભુવનપતિને માટે હોમ છે—તેમાં અસુર, નાગ, સુપર્ણ, વિદ્યુત્ અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિગ્, વાયુ અને સ્તનિત કુમાર—એ ૧૦ પ્રકારના ભુવનપતિઓને હોમ દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના કરી છે.

૫ આ મંત્રમાં—વ્યંતરોને માટે હોમ છે—તેમાં પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરૂષ, મહોરગ તથા ગંધર્વ—એ પ્રકારના વ્યંતરોને હોમ દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा " ॥ ५ ॥

"[६] ॐ अर्हं अग्ने ० चंद्रार्क-ग्रह-नक्षत्र तारकान् ज्योतिष्कान् इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हं ॐ " ॥ ६ ॥

"[७] ॐ अर्हं अग्ने ० सौधर्मे-शान-सनत्कुमार-माहेंद्र-ब्रह्म-लांतक-शुक्र--सहस्रार-आणत-प्राणत-आरण-अच्युत-ग्रैवेयका-नुत्तरभवान् वैमानिकान् इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हं ॐ ॥ ७ ॥

"[८] ॐ अर्हं अग्ने० इंद्र-सामानिक-पार्षद्य-त्रायस्त्रिंश-

---

૬ આ મંત્રમાં જ્યોતિષ્ક દેવતાને માટે હોમ છે—તેમાં ચંદ્ર, સૂર્ય. ગ્રહ, નક્ષત્ર, અને તારા–એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવતાઓને હોમ દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

૭ આ મંત્રમાં—વૈમાનિક દેવતાને માટે હોમ છે-તેમાં સૌધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત, ૯ ગ્રૈવેયક, અને ૫ અનુત્તરમાં રહેલા વૈમાનિક દેવોને હોમદ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે

૮ આ મંત્રમાં સ્ત્રી, આયુધ, ધ્વજ, વાહન અને પોતપોતાના ચિન્હોવાળા ચતુર્નિકાય દેવોને માટે હોમ છે. તેમાં ઇંદ્ર, સામાનિક, પાર્ષદ્ય, ત્રાયસ્ત્રિંશત્, લોકપાળ, અનીક, પ્રકીર્ણક, લોકાંતિક અને આભિયોગિક ભેદવાળા ચતુર્નિકાય દેવતાને માટે હોમદ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ल्लोकपाला–नीक–प्रकीर्णक–लोकांतिका–भियोगिक–भेद-भिन्नान् चतुर्निकायानपि सभार्यान् सायुधबलवाहनान् स्वस्वोपलक्षितचिह्नान् इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हं ॐ " ॥ ८ ॥

"ॐ[९] अर्हँ अग्ने० अप्सरसश्च परिगृहीतापरिगृहीतभेद-भिन्नाः इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हँ ॐ ॥ ९ ॥

ॐ[१०] अर्हँ अग्ने० ससखीकाः सदासीकाः साभरणा रुचकवासिनीर्दिक्कुमारिकाः इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हं ॐ ॥ १० ॥

"ॐ[११] अर्हं अग्ने० सर्वाः समुद्र–नदी–गिर्याकर–वन-

---

૯ આ મંત્રમાં અપ્સરાઓને માટે હોમ છે—તેમાં પરિગૃહીત અને અપરિગૃહીત એવા બે ભેદવાળી અપ્સરાઓને હોમ દ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

૧૦ આ મંત્રમાં રૂચકદ્વીપમાં રહેનારી દિક્કુમારીઓને માટે હોમ છે—તેમાં સખીઓ, દાસીઓ અને આભરણ સહિત રૂચકદ્વીપની દિક્કુમારીઓને હોમદ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના છે.

૧૧ આ મંત્રમાં સમુદ્ર, નદી, પર્વત, ખીણ અને વનના અધિષ્ઠાયક દેવતાઓને હોમદ્રવ્ય પહોંચાડવા અગ્નિની પ્રાર્થના કરી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**देवताः इदमर्घ्यं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा अर्हं ॐ ॥११॥**

આ અગીયાર મંત્રોથી હોમ કરી રહ્યા પછી ગોરે કન્યાની સામે બેસી ડાભના અગ્રભાગવડે તીર્થજળથી વર કન્યા ઉપર અભિષેક કરવો તે વખતે નીચેનો મંત્ર ભણવો.

## પ્રથમ અભિષેકનો મંત્ર.

**" ॐ अर्हं इदमासनमध्यासीनौ स्वध्यासीनौ स्थितौ सुस्थितौ तदस्तु वां सनातनः संगमः अर्हं ॐ ॥**

## ગોત્રોચ્ચાર.

ત્યારપછી ગોર નીચે પ્રમાણે બોલે.

**" ॐ नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः "**

તે બોલ્યા પછી હાથમાં ચોખા રાખી વરકન્યા પાસે આવી નીચે પ્રમાણે ભણે.

**" विदितं वां गोत्रं संबंधकरणेनैव ततः प्रकाश्यतां जनाग्रतः "** ।

**ભાવાર્થ**—" તમારો સંબંધ કરવાથી તમારૂં ગોત્ર જાણવામાં આવ્યું છે, તથાપિ લોકોની આગળ પ્રકાશ કરો. "

તે પછી વરપક્ષ અને કન્યાપક્ષના ગોત્રાદિ જાણી ગોરે નીચે પ્રમાણે ઉંચે સ્વરે ગોત્રોચ્ચાર કરવો.

---

૧ આ અભિષેકના મંત્રનો ભાવાર્થ એવો છે કે, " આ આસન ઉપર તમે બંને સારી રીતે બેઠા છો અને સારી રીતે રહ્યા છો, તેથી તમારા બંનેનો સમાગમ સનાતન ( હંમેશનો ) થાઓ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વરગોત્ર.

अमुक गोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत ( श्वेतांबरीय ) अमुकगच्छानुसारिणः शेठ श्री अमुकनामा, तस्य प्रपौत्रः, अमुकनामा वरः ।

अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत ( श्वेतांबरीय ) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा, तस्य पौत्रः, अमुकनामा वरः ।

अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत ( श्वेताम्बरीय ) अमुकगच्छानुसारिणः, शेठ श्री अमुकनामा तस्य पुत्रः, अमुकनामा वरः ।

## વરનું મોશાળપક્ષગોત્ર.

अमुकगोत्रस्य इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुका-

---

૧ અહીં જે વરના પિતાનું ગોત્ર હોય તે કહેવું. જો ગોત્રની ખબર ન હોય તો પોતાના ગોરનું ગોત્ર અથવા કાશ્યપ ગોત્ર લેવું. અમુક ગોત્રમાં થયેલા, અમુક સંખ્યાના પ્રવરવાળા, અમુક જ્ઞાતિના, અમુક વંશ કે કુટુંબવાળા અને શ્રી જૈન ધર્મના શ્વેતાંબરી અમુક ગચ્છના અમુક નામના શેઠનો **પ્રપૌત્ર** એટલે દીકરાના દીકરાનો દીકરો છે. **પૌત્ર** એટલે દીકરાનો દીકરો છે. અને **પુત્ર** એટલે દીકરો છે. તે અમુક નામનો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[1]न्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य प्रदौहित्रः, अमुकनामा वरः ।

अमुकगोत्रस्य इयत्प्रवरस्य अमुकज्ञातीयस्य अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य दौहित्रः, अमुकनामा वरः ।

अमुक गोत्रायाः, इयत्प्रवरायाः, अमुकज्ञातीयायाः, अमुकान्वयोत्पन्नायाः, श्रीजैनधर्मांतर्गत ( श्वेतांबरीय ) अमुकगच्छानुसारिण्याः, श्रीअमुकनाम्नी माता तस्याः पुत्रः, अमुकनामा वरः ।

## કન્યા ગોત્ર.

[2]अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत( श्वेतांबरीय )अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा, तस्य प्रपौत्री, अमुकनाम्नी कन्या ।

---

૧ તેવી રીતે મોશાળ પક્ષમાં અમુક નામના શેઠનો **પ્રદૌહિત્ર** એટલે દીકરાની દીકરીનો દીકરો, **દૌહિત્ર** એટલે દીકરીનો દીકરો અને અમુક માતાનો દીકરો છે. તે અમુક નામનો છે.

૨ અહીં કન્યાના પિતાનું જે ગોત્ર હોય, તે કહેવું. જો ગોત્રની ખબર ન હોય તો ગોરનું ગોત્ર અથવા કાશ્યપ ગોત્ર લેવું. અમુક ગોત્રમાં થયેલો, આટલા પ્રવરવાળો, અમુક જ્ઞાતિના, અમુક વંશ કે કુટું-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अमुकगोत्रस्य इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य पौत्री, अमुकनाम्नी कन्या ।

अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य पुत्री, अमुकनाम्नी कन्या ।

## કન્યાનું મોશાલપક્ષગોત્ર.

अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य, श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य प्रदौहित्री । अमुकनाम्नी कन्या ।

अमुकगोत्रस्य, इयत्प्रवरस्य, अमुकज्ञातीयस्य, अमुकान्वयोत्पन्नस्य श्रीजैनधर्मांतर्गत (श्वेतांबरीय) अमुकगच्छानुसारिणः, शेठश्री अमुकनामा तस्य दौहित्री अमुकनाम्नी कन्या ।

---

બના અને શ્રી જૈનધર્મના શ્વેતાંબરી અમુક ગચ્છના અમુક નામના શેઠની **પ્રપૌત્રી** એટલે દીકરાના દીકરાની દીકરી, **પૌત્રી** એટલે દીકરાની દીકરી અને **પુત્રી** એટલે દીકરી છે. તે અમુક નામની છે.

તેવી રીતે મોશાલ પક્ષમાં અમુક નામના શેઠની **પ્રદૌહિત્રી** એટલે દીકરાની દીકરીની દીકરી, **દૌહિત્રી** એટલે દીકરાની દીકરી અને અમુક નામની માતાની દીકરી છે. તે અમુક નામની છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अमुकगोत्राया इयत्प्रवरायाः, अमुकज्ञातीयायाः, अमुकान्वयोत्पन्नायाः, श्रीजैनधर्मांतर्गत ( श्वेतांबरीय ) अमुकगच्छानुसारिण्याः, सौभाग्यवती श्रीअमुकनाम्नी माता तस्याः पुत्री, अमुकनाम्नी कन्या ।

આ પ્રમાણે ગોત્રોચ્ચાર કર્યા પછી નીચેનો મંત્ર ભણી ગોરે હાથમાં રાખેલા ચોખા વર કન્યાની ઉપર નાખવા.

## ગોત્રોચ્ચારમંત્ર.

" ॐ अर्हं अमुकगोत्रीयः, इयत्प्रवरः, अमुकज्ञातीयः, अमुकान्वयः, अमुकप्रपौत्रः, अमुकपौत्रः, अमुकपुत्रः । अमुकगोत्रीयः, इयत्प्रवरः, अमुकज्ञातीयः, अमुकान्वयः, अमुकप्रदौहित्रः, अमुकदौहित्रः, अमुकमात्रीयः अमुकनामा वरः ।

अमुकगोत्रीया, इयत्प्रवरा, अमुकज्ञातीया, अमुकान्वया, अमुकप्रपौत्री, अमुकपौत्री, अमुकपुत्री । अमुकगोत्रीया, इयत्प्रवरा, अमुकज्ञातीया, अमुकान्वया, अमुकप्रदौहित्री, अमुकदौहित्री, अमुकमात्रीया अमुकनाम्नी वर्या । *तदेतयोर्वर्यावरयोर्निबिडो विवाहसंबंधोऽस्तु । शांतिरस्तु । तुष्टिरस्तु । पुष्टिरस्तु । धृतिरस्तु । बुद्धिरस्तु । धनसंतानवृद्धिरस्तु । अर्हं ॐ "

---

*ગોત્રોચ્ચાર કર્યા પછી ગોર આ મંત્ર બોલે છે-ભાવાર્થ એવો છે કે, "અમુક ગોત્રના આ વર અને કન્યાનો વિવાહ સંબંધ ઘાટો થાઓ. તેઓને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ધૃતિ અને બુદ્ધિ પ્રાપ્ત થાઓ. તેમ જ તેમને ધન સંતાનની વૃદ્ધિ થાઓ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી ગોરે વરકન્યા પાસે ગંધ, પુષ્પ, ધૂપ ને નૈવેદ્યથી અગ્નિની પૂજા કરાવવી. અને તેમાં લાજા (ડાંગેરની ધાણી) નો હોમ કરાવવો. જે લાજાહોમ કહેવાય છે.

## અગ્નિની પ્રદક્ષિણા અથવા ચાર ફેરા.

અગ્નિની પ્રદક્ષિણા વખતે કન્યાનો ભાઇ વાંસના સુપડામાં ડાંગેરની ધાણી લઇ ઉભો રહે છે અને દરેક ફેરે વરકન્યાને આપે છે અને ગોર તેમની પાસેથી તે લઇ અગ્નિમાં નાખે છે. (આ વખતે કન્યાના ભાઇને બોલાવવો એવો રીવાજ છે અને તેમ કરવામાં કાંઇ હરકત નથી માટે તેને બોલાવી ઉભો રાખવો.) તે પછી વરકન્યાને ઉભા કરી કન્યાને આગળ કરી વરના હાથ ઉપર કન્યાનો હાથ રખાવી વરકન્યાને અગ્નિની પ્રદક્ષિણા કરાવવી તે વખતે ગોરે નીચેનો મંત્ર ભણવો.

### પહેલા ફેરાનો મંત્ર.

" ॐ अर्हं । अनादि विश्वं । अनादिरात्मा । अनादिः कालः । अनादि कर्म । अनादिः संबंधः । देहिनां देहानुगतानां क्रोधाहंकारछद्मलोभैः, संज्वलन–प्रत्याख्याना–

---

પહેલા ફેરાના મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—" આ વિશ્વ, આત્મા, કાળ, કર્મ અને સંબંધ અનાદિ છે. પ્રાણીઓને દેહની સાથે ક્રોધ, અહંકાર, માયા અને લોભ કે જે સંજ્વલન, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધી એમ ચાર જાતના છે. તેમ જ ઇચ્છા અને અનિચ્છાથી યુક્ત એવા શબ્દ, રૂપ. રસ, ગંધ અને સ્પર્શ છે, તે સર્વને લઇ જે સંબંધ, અનુબંધ, પ્રતિબંધ કે સંયોગ થાય છે. તે સુગમ, સારીરીતે કરેલો, આચરેલો, પ્રાપ્ત થયેલો અને દ્રવ્યભાવ વિશેષથી ઉપલબ્ધ થયેલો હોય છે. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ऽप्रत्याख्यानाऽनंतानुबंधिभिः शब्द–रूप–रस–गंध स्पर्शैरिच्छानिच्छापरिसंवलितैः संबंधो ऽनुबंधः प्रतिबंधः संयोगः सुगमः सुकृतः स्वनुष्ठितः सुप्राप्तः सुलब्धो द्रव्यभावविशेषेण । अर्हं ॐ " ॥

" तदस्तु वां सिद्धप्रत्यक्षं केवलिप्रत्यक्षं चतुर्निकायदेवप्रत्यक्षं विवाहविधानाग्निप्रत्यक्षं नागप्रत्यक्षं नरनारीप्रत्यक्षं नृपप्रत्यक्षं जनप्रत्यक्षं गुरुप्रत्यक्षं मातृप्रत्यक्षं पितृप्रत्यक्षं मातृपक्षप्रत्यक्षं पितृपक्षप्रत्यक्षं ज्ञातिस्वजनबंधुप्रत्यक्षं संबंधः सुकृतः सदनुष्ठितः सुप्राप्तः सुसंबद्धः सुसंगतः । तत्प्रदक्षिणीक्रियतां तेजोराशिर्विभावसुः " ॥

આ પ્રમાણે ગોર મંત્ર ભણે અને વરકન્યા અગ્નિને પ્રદક્ષિણા કરી પોતપોતાને આસને બેસે.

ફરી ડાંગેરની ધાણી નખાવી ગોરે નીચેનો મંત્ર ભણી અગ્નિને બીજી પ્રદક્ષિણા દેવરાવવી.

## બીજા ફેરાનો મંત્ર.

* " ॐ अर्हं । कर्मास्ति । मोहनीयमस्ति । दीर्घस्थि-

---

" તેવો સંબંધ તમે ( વરવધૂએ ) સિદ્ધપરમાત્મા, કેવલી, ચતુર્નિકાય દેવ, વિવાહનો અગ્નિ, નાગકુમાર, નર, નારી, રાજા, લોક, ગુરૂ, માતા, પિતા, માતૃપક્ષ, પિતૃપક્ષ, જ્ઞાતિ–સ્વજન, અને બંધુઓની સમક્ષ સારીરીતે કર્યો છે, આચર્યો છે, પ્રાપ્ત કર્યો છે, બંધાયો છે અને મળ્યો છે, તે માટે આ અગ્નિની પ્રદક્ષિણા કરો.

*આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે–" કર્મ કે જે મોહનીય નામનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

त्यस्ति । निबिडमस्ति । दुःछेद्यमस्ति । अष्टाविंशतिप्रकृत्यस्ति। क्रोधोऽस्ति। मानोऽस्ति। मायास्ति। लोभोऽस्ति। संज्वलनोऽस्ति। प्रत्याख्यानावरणोऽस्ति। अप्रत्याख्यानावरणोऽस्ति । अनंतानुबंध्यस्ति । चतुश्चतुर्विधोऽस्ति । हास्यमस्ति । रतिरस्ति। अरतिरस्ति । भयमस्ति । जुगुप्सास्ति। शोकोऽस्ति। पुंवेदोऽस्ति। स्त्रीवेदोऽस्ति। नपुंसकवेदोऽस्ति। मिथ्यात्वमस्ति । मिश्रमस्ति । सम्यक्तमस्ति । सप्ततिकोटाकोटिसागरस्थित्यस्ति अर्हं ॐ " ॥

" तदस्तु वां निकाचित–निबिडबद्धमोहनीयकर्मोदयकृतः स्नेहः सुकृतोऽस्तु सुनिष्ठितोऽस्तु सुसंबद्धोऽस्तु आभवमक्षयोऽस्तु तत्प्रदक्षिणीक्रियतां विभावसुः " ॥

પાછા ડાંગેરની ધાણી નખાવી નીચેનો મંત્ર ભણી ત્રીજી પ્રદક્ષિણા દેવરાવવી.

---

છે, તે દીર્ઘ–લાંબાકાળ સુધી સ્થિતિવાળું છે, નિબિડ–ધાટું છે, દુઃખેથી છેદી શકાય તેવું છે. તે અઠ્યાવીશ પ્રકૃતિવાળું છે. તે મોહનીય કર્મમાં ક્રોધ, માન, માયા અને લોભ કે જે સંજ્વલન, પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણી અને અનંતાનુબંધી–એમ ચાર ચાર પ્રકારના છે. વળી હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, શોક, પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, મિથ્યાત્વ, મિશ્ર, અને સમ્યક્ત્વમોહની છે. જે સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિવાળું છે."

"તેવા નિકાચિત–નિબિડ બાંધેલા મોહનીયકર્મના ઉદયથી થયેલો આ તમારો ( વરકન્યાનો ) સ્નેહ સારીરીતે કરેલો નિષ્ઠાપૂર્વક બંધાયેલો અને આ ભવ રહે ત્યાં સુધી અક્ષય રહો. તેથી આ અગ્નિની પ્રદક્ષિણા કરો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ત્રીજા ફેરાનો મંત્ર.

*" ॐ अर्हं । कर्मास्ति । वेदनीयमस्ति । सातमस्ति । असातमस्ति । सुवेद्यं सातं । दुर्वेद्यमसातं । सुवर्गणाश्रवणं सातं । दुर्वर्गणाश्रवणमसातं । शुभपुद्गलदर्शनं सातं । दुःपुद्गलदर्शनमसातं । शुभषड्रसास्वादनं सातं । अशुभषड्रसास्वादनमसातं । शुभगंधाघ्राणं सातं अशुभगंधाघ्राणमसातं । शुभपुद्गलस्पर्शनं सातं । अशुभपुद्गलस्पर्शनमसातं । सर्वं सुखकृत् सातं । सर्वं दुःखकृदसातं । अर्हं ॐ " ॥

तदस्तु वां सातवेदनीयं मा भूदसातवेदनीयम् । तत्प्रदक्षिणीक्रियतां विभावसुः ॥

---

*આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે–" જે વેદનીય નામનું કર્મ છે તે સાતા અને અસાતા બે પ્રકારનું છે. સાતાવેદનીય સુખે વેદાય છે અને અસાતાવેદનીય દુઃખે વેદાય છે. સાતાવેદનીયમાં શુભ વર્ગણાનું શ્રવણ છે અને અસાતાવેદનીયમાં દુર્વર્ગણાનું શ્રવણ છે. સાતામાં શુભ પુદ્‌ગલોનું દર્શન છે અને અસાતામાં અશુભ પુદ્‌ગલોનું દર્શન છે. સાતામાં શુભ ષટ્ રસનું આસ્વાદન છે અને અસાતામાં અશુભ ષટ્ રસનું આસ્વાદન છે. સાતામાં શુભ ગંધનું આઘ્રાણ છે અને અસાતામાં અશુભ ગંધનું આઘ્રાણ છે. સાતામાં શુભપુદ્‌ગલોનો સ્પર્શ છે અને અસાતામાં અશુભ પુદ્‌ગલોનો સ્પર્શ છે. ( અર્થાત્ ) સાતાવેદનીય સર્વ રીતે સુખકારી છે અને અસાતાવેદનીય સર્વ રીતે દુખકારી છે. "

" તમો વર કન્યાને તે સાતાવેદનીય હજો, અસાતાવેદનીય હશો નહીં " તેથી આ અગ્નિને પ્રદક્ષિણા કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારબાદ ગોરે ચોથો ફેરો ફેરવતા પહેલા નીચે લખેલો મંત્ર ભણવો.

## ચોથા ફેરાનો મંત્ર.

"ॐ[1] अर्हं सहजोऽस्ति । स्वभावोऽस्ति । संबंधोऽस्ति । प्रतिबद्धोऽस्ति । मोहनीयमस्ति । वेदनीयमस्ति । नामास्ति । गोत्रमस्ति । आयुरस्ति । हेतुरस्ति । आश्रवबद्धमस्ति । क्रियाबद्धमस्ति । कायबद्धमस्ति । तदस्ति सांसारिकः संबंधः । अर्हं ॐ " ॥

## કન્યાગ્રહણસંકલ્પ.

પછી કન્યાના પિતાના (પિતા ન હોય તો જ્યેષ્ઠબંધુ વિગેરેના) હાથમાં જવ, તલ, ડાભ અને ધરો તથા પાણી આપી ગોરે નીચે પ્રમાણે ભણવું.

"अद्य[2] अमुकसंवत्सरे, अमुकायने, अमुकऋतौ, अमु-

---

૧ આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-" સહજ છે, સ્વભાવ છે, સંબંધ છે. અને પ્રતિબદ્ધ છે. તે મોહનીય, વેદનીય, નામ, ગોત્ર અને આયુ નામના કર્મ અમુક હેતુવડે બંધાયેલા છે. તેમ વળી આશ્રવબદ્ધ, ક્રિયાબદ્ધ અને કાયબદ્ધ છે. આ સર્વને લઇ સંસારનો સંબંધ રહેલો છે. "

૨ આ વખતે જે સંવત્સર ચાલતો હોય તે લેવો. દક્ષિણાયન કે ઉત્તરાયણ જે હોય તે લેવી. છ ઋતુઓમાં જે ઋતુ હોય તે અને જે માસ, પક્ષ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ અને મુહૂર્ત્ત ચાલતા હોય તે લેવા. આ સમયે પૂર્વ કર્મના સંબંધથી બંધાયેલી, વસ્ત્ર, ગંધ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**कमासे, अमुकपक्षे, अमुकतिथौ, अमुकवारे, अमुकनक्षत्रे, अमुकयोगे, अमुककरणे, अमुकमुहूर्त्ते पूर्वकर्मसंबंधानुबद्धां, वस्त्रगंधमाल्यालंकृतां, सुवर्णरूप्यमणिभूषणभूषितां, कन्यां ददात्ययं। प्रतिगृह्णीष्व " ।**

આ પ્રમાણે ગોર ભણી રહે એટલે કન્યાના પિતાએ પોતાના હાથમાં રાખેલા જવવિગેરે વરકન્યાના જોડેલા હાથમાં મુકવા. પછી વરે " **प्रतिगृह्णामि। प्रतिगृहीता** " એમ કહેવું. પછી ગોરે કહેવું કે " **सुप्रतिगृहीतास्तु। शांतिरस्तु। तुष्टिरस्तु। पुष्टिरस्तु। ऋद्धिरस्तु। वृद्धिरस्तु। धनसंतानवृद्धिरस्तु। प्रदक्षिणीक्रियतां विभावसुः** "।

પછી કન્યાનો હાથ નીચે અને વરનો હાથ ઉપર એવી રીતે રખાવી ડાંગેરની ધાણી અગ્નિમાં હોમાવી વર આગળ અને કન્યા પાછળ એવી રીતે ચોથી પ્રદિક્ષણા ફેરવાવવી.

(અહીં રીવાજ પ્રમાણે ચોથા ફેરામાં વરકન્યાની પાસે ક્ષેત્રપાળની સ્થાપનાવાળા પાષાણને પગનો સ્પર્શ કરાવે છે).

પછી જમણી બાજુ વર અને ડાબી બાજુ કન્યા–એવી રીતે બેસારી ગોરે પોતાના હાથમાં ડાભ, ધરો, ચોખા તથા વાસક્ષેપ લઇ નીચે પ્રમાણે ભણવું.

---

પુષ્પમાળાથી અલંકૃત અને સુવર્ણ, રૂપું તથા મણિના આભૂષણોથી વિભૂષિત એવી આ કન્યાને તેના પિતા આપે છે. તે તમે ગ્રહણ કરો.

૧ અહીં કન્યાના પિતાએ વરકન્યાને જે કાંઇ વસ્ત્રાભૂષણ વિગેરે આપવાનું હોય તે આપવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## *વાસક્ષેપવિધિ.

**" येनानुष्ठानेनाद्योऽर्हन् शक्रादिदेवकोटिपरिवृतो भोग्यफलकर्मभोगाय, संसारिजीवव्यवहारमार्गसंदर्शनाय, सुनंदासुमंगले पर्यणैषीत् ज्ञातमज्ञातं वा तदनुष्ठानमनुष्ठितमस्तु "**

આટલું ભણ્યા પછી તે ડાભ, ધરો, ચોખા તથા વાસ*ક્ષેપ વરવધૂના મસ્તક ઉપર નાખવા.

૨ પછી કન્યાના પિતાએ જવ, તલ, ડાભ, ને પાણી હાથમાં લઇ વરના હાથમાં આપી આ પ્રમાણે બોલવું.

" **सुदायं ददामि प्रतिगृह्णाण** "

વરે કહેવું કે, " **प्रतिगृह्णामि । परिगृह्णामि । प्रतिगृहीतम्** " ॥

ગોરે કહેવું કે, " **सुप्रतिगृहीतमस्तु सुपरिगृहीतमस्तु** " ॥.

---

*કેસર, સુખડ ઘસી તેને છાયામાં સુકવી કરેલો ભુકો.

૧ ભાવાર્થ આ પ્રમાણે છે-" જે અનુષ્ઠાન ( લગ્નવિધિ ) થી આદિનાથ પ્રભુ " ઇંદ્રાદિ કોટી દેવતાઓથી વીંટાઈ ભોગનીય ફળવાળા-કર્મ ભોગવવા અને સંસારી જીવોને વ્યવહાર માર્ગ દર્શાવવા **સુનંદા** અને **સુમંગલા**ને પરણ્યા હતા, તેવું જ્ઞાત કે અજ્ઞાત આ અનુષ્ઠાન થાઓ.

૨ અહીં કન્યાના પિતાએ પોતાની શક્તિ પ્રમાણે વરને પેરામણી આપવી. તેમજ બીજા સંબંધીઓએ પણ જે કાંઇ આપવુ હોય તે અહીં આપવું જોઇએ. હાલ તે ક્રમ ફરી ગયો છે, ઘણે ઠેકાણે માયરા વખતે બીજાઓ તરફથી હાથગ્રહણું અથવા ચાંદલો આપવામાં આવે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી ગોરે નીચે પ્રમાણે ભણી વરકન્યાના માથે ડાભના અગ્ર ભાગથી તીર્થજળ છાંટવું.

## છેલ્લો અભિષેક.

" वधूवरौ वां पूर्वकर्मानुबंधेन निबिडेन निकाचितबद्धेन अनपवर्त्तनीयेन अपातनीयेन अनुपायेन अश्लथेन अवश्यभोग्येन विवाहः प्रतिबद्धो बभूव । तदस्तु अखंडितोऽक्षयो निरपायो निर्व्याबाधः सुखदोऽस्तु । शांतिरस्तु । तुष्टिरस्तु । पुष्टिरस्तु । ऋद्धिरस्तु । वृद्धिरस्तु । धनसंतानवृद्धिरस्तु " ॥

( અહિં રીવાજ પ્રમાણે સપ્તપદી માટે ડાંગરની સાત ઢગલી કરાવી તે ઉપર એક એક પૈસો ને પાન સોપારી મૂકાવીને તેની પૂજા કરાવે છે અને પછી વરનો હાથ લઇ કન્યાના પગ વડે તે ઢગલીઓ ભાંગી નખાવે છે. ત્યારપછી ઉત્તર દિશામાં ધ્રુવના તારાનું પૂજન કરાવી દર્શન કરાવે છે. ) પછી માતૃ–ગૃહમાં વરકન્યાને લઇ જવા અથવા અહીં બેસી હસ્ત–મેલાપ કરાવી ગોરે નીચે પ્રમાણે ભણવું.

---

૧ ભાવાર્થ આ પ્રમાણે છે—હે વર વધુ ! તમારા બંનેનો આ વિવાહ, પૂર્વ કર્મના નિબિડ નિકાચિત બાંધેલા બંધથી પ્રતિબદ્ધ થયેલો છે, જે સંબંધ ફેરવી શકાય તેવો નથી, પતિત કરાય તેવો નથી, ઉપાયથી ચળે તેવો નથી અને શિથિલ થાય તેવો નથી, અવશ્ય ભોગવવો પડે તેવો છે. તે વિવાહસંબંધ અખંડિત, અક્ષય, અવિનાશી, નિરાબાધ અને સુખદાયક હો. તે સંબંધી તમને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, અને ધનસંતાનની વૃદ્ધિ થાઓ. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"अनुष्ठितो वां विवाहो वत्सौ सस्नेहौ सभोगौ सायुषौ सधर्मौ समदुःखसुखौ समशत्रुमित्रौ समगुणदोषौ समवाङ्मनःकायौ समाचारौ समगुणौ भवताम् " ॥

ત્યારપછી કન્યાના પિતાના કહેવાથી ગોરે નીચેનો મંત્ર ભણી હસ્તમેલાપ છુટો કરવો.

## કરમોચન મંત્ર.

" ॐ अर्हं । जीवस्त्वं । कर्मणा बद्धः । ज्ञानावरणेन बद्धः । दर्शनावरणेन बद्धः । वेदनीयेन बद्धः । मोहनीयेन बद्धः । आयुषा बद्धः । नाम्ना बद्धः । गोत्रेण बद्धः । अंतरायेण बद्धः । प्रकृत्या बद्धः । स्थित्या बद्धः । रसेन बद्धः । प्रदेशेन बद्धः । तदस्तु ते मोक्षो गुणस्थानारोहणक्रमेण । अर्हं ॐ " ॥

---

૧ ભાવાર્થ આ પ્રમાણે છે—હે વત્સો, તમારા બંનેનો વિવાહ કરવામાં આવ્યો છે. હવે તમે બંને સરખા સ્નેહ, ભોગ, આયુષ્ય અને ધર્મવાળા થાઓ. સુખદુઃખમાં, શત્રુમિત્રમાં, ગુણદોષમાં, વાણી, મન અને કાયામાં, આચારમાં અને ગુણમાં સમાન થાઓ."

૨ આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—" તું જીવ છે. તે કર્મ એટલે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાયથી તેમજ પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશથી બંધાએલો છું. તેથી હવે ગુણસ્થાન—ગુણઠાણાના આરોહણના ક્રમથી તારો મોક્ષ થાઓ." "તમારા હસ્ત મુક્ત થાય છે. પણ તમારો સ્નેહ સંબંધ અખંડિત રહો."

આ હસ્તમેલાપના બાહ્યમોક્ષથી અંતરંગપણે જીવનો કર્મમાંથી મોક્ષ થવાનું રહસ્ય આ મંત્રમાં સૂચવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**मुक्तयोः करयोरस्तु वां स्नेहसंबंधोऽखंडितः ।**

આ પ્રમાણે બોલી વરકન્યાનો હસ્તમેલાપ છુટો કરવો. આ વખતે કન્યાના પિતાએ વરને શક્તિ પ્રમાણે દાન આપવાનું કહેલું છે.

પછી જો વરકન્યા માતૃગૃહમાં (ગોત્રજ પાસે) ગયા હોય તો પાછા ચોરીમાં લાવી ગોરે નીચેનો [1]શ્લોક ભણવો.

## આશીર્વાદ.

### वसंततिलका.

**पूर्वं युगादिभगवान् विधिनैव येन**
**विश्वस्य कार्यकृतये किल पर्यणैषीत् ।**
**भार्याद्वयं तदमुना विधिनास्तु युग्म—**
**मेतत् सुकामपरिभोगफलानुबंधि ॥ १ ॥**

આ પ્રમાણે આશીર્વાદ આપી ગોરે વરકન્યાના વસ્ત્રના છેડા છોડી નાખવા પછી ગોરે ફરી કહેવું કે, "**वत्सौ लब्धविषयौ भवताम्**"

( અહી વરકન્યાને કંસાર જમાડવાનો આચાર કરવામાં આવે છે. ત્યારપછી બે કન્યા તરફની અને બે વર તરફની— એમ ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવી વરકન્યાને કુંકુ-

---

૧ **ભાવાર્થ**—"પૂર્વે જે વિધિથી 'જૈનવિધિથી' શ્રી યુગાદિ પ્રભુ વિશ્વનું વ્યવહારકાર્ય ચલાવવાને બે સ્ત્રીઓ ( સુનંદા-સુમંગલા ) ને પરણ્યા હતા, તે વિધિથી વિવાહિત થયેલું વરકન્યાનું જોડું ઉત્તમ કામના ભોગફળને પ્રાપ્ત કરનારૂં થાઓ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મના તિલક કરાવી અને અક્ષત ચોડાવી વરમાલાને વધાવી કન્યાના કાનમાં અખંડ સૌભાગ્યને આશીર્વાદ દેવરાવે છે.'

આ સર્વ ક્રિયા થયા પછી માતૃગૃહ, ચોરી, વેદી, ક્ષેત્ર-દેવતા તથા અગ્નિવિગેરેને વિસર્જન કરવા. તે વખતે ગોરે હાથમાં કંકુ અક્ષત પુષ્પ લઈ નીચે પ્રમાણે ભણવું.

"[1]પુનરાગમનાય સ્વાહા"

**आज्ञाहीनं क्रियाहीनं मंत्रहीनं च यत्कृतम् ।**
**तत्सर्वं कृपया देव क्षमस्व परमेश्वर ॥ १ ॥**

આ પ્રમાણે ભણી તે કંકુ, અક્ષત તથા પુષ્પ તે ચોરી, વેદિકા અને અગ્નિ તરફ નાખવા.

પછી ચોરીને વધાવી વરકન્યાને વાજતે ગાજતે વિદાય કરવા. માર્ગમાં ચૈત્ય–સ્થાન આવે ત્યાં દર્શન કરાવવા. વરને ત્યાં વરની માતાએ પોંખણા વિગેરે કરીને કુળરીવાજ પ્રમાણે તેમને વધાવી લેવા. ત્યારપછી પોતાના કુળ, સંપત્તિ અને દેશાચાર પ્રમાણે માસ કે અમુક દિવસ સુધી મહોત્સવ રાખવો. તે પ્રસંગે સાધર્મી વાત્સલ્ય, અને યાચકોને દાન આપવાં. જ્યારે મહોત્સવ સમાપ્ત કરવો હોય ત્યારે માતૃકા અને કુલકરનું વિસર્જન કરવું.

---

૧ "સર્વ દેવતા ફરીવાર આવે પ્રસંગે આગમન કરો. "આ ક્રિયામાં જે કંઇ આજ્ઞા રહિત, ક્રિયા રહિત કે મંત્ર રહિત થયું હોય તે સર્વ હે પરમેશ્વર ! કૃપા કરી ક્ષમા કરો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## માતૃકાવિસર્જન.

વર તથા કન્યાને ઘેર માતૃકા સ્થાપન કરવામાં આવેલું છે. તે સ્થાપનમાં જઈ ગોરે તેનું વિસર્જન કરવું એટલે વિદાયગિરિ આપવી. જ્યાં સુધી માતૃકાસ્થાપન રહે ત્યાં સુધી હમેશાં તેનું પૂજન કરવું જોઈએ. વિસર્જન કરવાનું હોય તે સમયે પ્રથમ માતૃકાનું ચંદન, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વિગેરેથી પૂજન કરી દરેક માતાનો સ્થાપન વખતે કહેલો મંત્ર ભણી છેવટે "**पुनरागमनाय स्वाहा**" એટલું બોલી વિસર્જન કરવું.

## કુલકરવિસર્જન.

વરને ઘેર જે ઠેકાણે કુળકરનું સ્થાપન હોય ત્યાં જઈ ગોરે કુળકરની પૂજા કરવી. પૂજા કરતાં પૂર્વ પ્રમાણે દરેક કુળકરનો સંપૂર્ણ મંત્ર ભણી છેવટે "**पुनरागमनाय स्वाहा**" એ વાક્ય ઉમેરી સાતે કુળકરનું વિસર્જન કરવું. તે મંત્રો પૃષ્ઠ ૪ થી ૨૦ સુધીમાં જોઇ લેવા.

માતૃકા અને કુલકરના વિસર્જન વખતે પણ ગોરે નીચેનો શ્લોક ભણવો.

**आज्ञाहीनं क्रियाहीनं मंत्रहीनं च यत्कृतम् ।**
**तत्सर्वं कृपया देव क्षमस्व परमेश्वर ॥ १ ॥**

**જૈનવિવાહવિધિઃ સમાપ્તઃ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| કન્યાને ઘરે. | વરને ઘરે. |
|---|---|
| **આઠ માતૃકાપૂજનની સામગ્રી.** | **આઠ માતૃકા ને સાત કુલકરપૂજનની સામગ્રી.** |
| બાજોઠ તથા પાટલો ૧ | બાજોઠ ૨ અગર પાટલા ૨ |
| લીલી કે પીળી અતલસ ગજ ૧ | લીલી કે પીળી અતલસ ગજ ૨ |
| શુદ્ધ જળનો કળશ | શુદ્ધ જળનો કળશ |
| કંકુ, ચંદન, શ્રીફળ ૧ | કંકુ, ચંદન, શ્રીફળ ૨ |
| ચોખા શેર ૨ા | ચોખા શેર ૫ |
| પુષ્પ, ધૂપ, દીપ, ઘરો, નાડું, સાકર, બદામ, ધરાખ વિગેરે આઠ આઠ | પુષ્પ, ધૂપ, દીપ, નાડું, ઘરો, સાકર, બદામ, ધરાખ વિગેરે નંગ ૨૨ બાવીશ |
| રૂપાનાણું કે પૈસા આઠ | રૂપાનાણું કે પૈસા ૨૨ |
| નાગરવેલના પાન આઠ | નાગરવેલના પાન ૨૨ |
| સોપારી નંગ ૧૬ | સોપારી નંગ ૪૪ |
| પાટલા બે બેસવા માટે | પાટલા બે બેસવા માટે |
| તજ, લવીંગ, એલચી વિગેરે. | તજ, લવીંગ, એલચી વિગેરે. |

માયરાની સામગ્રીમાં ખીજડીના પાનનો લેપ પ્રથમ લખેલ છે તે કરતાં વધારે સમજવો.

## ચોરીની સામગ્રી.

જળનો કળશ, ચોખા, સોપારી, પુષ્પ, ધૂપ, દીપ, કંકુ, ઘી, જવતલ, ડાંગર શેકેલી, ઘરો, દર્ભ, વાસક્ષેપ, તીર્થજળ, પૈસા, નાગરવેલના પાન, ખીજડી, પીપળો, કોઠી, ઇંદ્રજવ, બીલી, અને આમળામાંથી જેના મળે તેના સૂકાં ડાંખળા નંગ ૧૧ વેંત વેંત જેવડા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી પાર્શ્વનાથના વિવાહલામાંથી.

## ઢાળ સતરમી.

વચન હવે સાંભળ પુત્રી તું માહરા, કાજ સીજે સહુ જેહથી તાહરા, સહુ ખરા ધારજે ચિત્તમાં રે. ॥૧॥ લાજ ધરજે સદા જેઠ સસરાતણી, પ્રાણપતિ જાણજે જેમ ત્રિભુવન ધણી, આપણી લાજ વધારજે રે. ॥ ૨ ॥ સાસુ નણદીતણા વચન પ્રતિપાળજે, પાછો પડુત્તર ' જી ' કહી વાળજે, ભાળજે દૃષ્ટિ ભૂમિ ભણી રે. ॥ ૩ ॥ પારકા પુરૂષશ્યું વાત નવી કીજીએ, અધીશ્વર બોલતાં સર્વે તજીજીએ, પીજીએ ચરણજળ નાથનું રે. ॥ ૪ ॥ કોપજે મત કદા ધર્મને સેવજે, ઓપજે શિયળને ભરમ નવી લોપજે, ગોપજે મલીન આચારને રે. ॥૫॥ જાણજે સ્વજનને દેખી બોલાવજે, હઠ ન કરીશ તું વાતને છાંડજે, આણજે મન દયા સર્વની રે. ॥૬॥ વચન હિત પીજીએ, ગુણ સદા લીજીએ, દાન બહુ દીજીએ નવી કદા ખીજીએ, કીજીએ , ઉચિત સહુ કામને રે. ॥ ૭ ॥ ભૂપ અશ્વસેનને અધિક આદર કરી, કહે એહ દીકરી આપ ખોળે ધરી, ઉછરી મુજ ઉછરંગમાં રે. ॥૮॥ જન્મથી આજલગે લાળીપાળી ઘણી, દુઃખતણી વાત એણે કાનથી નવી સુણી, તે ભણી સાર કરજો ઘણી રે. ॥૯॥ ભાખે વેવાણને એહ બાળક બહુ, લાડકવાઇ છે તુમે તો જાણો સહુ, શું બહુ ભાખીએ વૃદ્ધને રે. ॥૧૦॥ એહ કુમરીતણી લાજ તુમ હાથમાં, લાજ વધારજો સ્વજન સહુ સાથમાં, આથમાં એહ અમારડે રે. ॥૧૧॥ એમ કહી પુત્રીને અધિક આડંબરે, ગાજતે વાજતે વોળાવે સાસરે, સહુ વળે પાછું તિહાં થકી રે. ॥૧૨॥ ગોરીઓ ગાવતી અધિક ઉલ્લાસથી, વરવહુ ચાલીઆ કાશી વાણારસી, નગરી તરફ સહુ સાથશ્યું રે. ॥૧૩॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# માએ આપેલી શિખામણનો પુત્રીએ આપેલ ઉત્તર અને કેટલીક સૂચના.

માતા ! સંપીને રહીશ મારે સાસરે,
માતા ! સમજીને રહીશ મારે સાસરે;
મંગળમય જિનરાજને સમરી, દેજે ભલી આશીષ,
માતા ! સંપીને રહીશ મારે સાસરે.

માતા ! અમુલખ તારી શિખામણ, પાળીશ વીશવા વીશ;
સારાં શુકન જોને સામા આવે છે, હું તો હવે ચાલીશ. મા૦

મેં તુજથી નથી પ્રેમ ઉતાર્યો, માતા ગળગળી ન થઇશ;
પુત્રી પરોણા સરખી જાણીને, માડી ના દુઃખ ધરીશ. મા૦

જેવી શિખામણ તેં મને દીધી, તેવી હું એક જ દઇશ;
માતા ! અવિનય માફ કરીને, વાત જરા સાંભળીશ. મા૦

સાસરીઆમાં સુખદુઃખ આવે, એ તો સંસારની રીત;
તો પણ લોકની વાત સુણીને, તું ના થતી ભયભીત. મા૦

સાસરીયાના સાચા જુઠાની, ખરાખરી ન કરીશ;
લોકની વાતે લઈ ઉપરાણું, તું લડવા ના આવીશ. મા૦

વાંક વિના મને મારે પીટે, તોયે હું તો સાંખીને રહીશ;
મરવું ને જીવવું એહ જ ઘરમાં, બીજું મને શું કહીશ ? મા૦

વેવાઇઓમાં વઢવાડ જાગે, તેનું દુઃખ સહુ મારે શિશ;
એથી મારૂં દુઃખ ભાંગે કે જાગે, તેનો વિચાર કરીશ. મા૦

એહ શિખામણ મારી અબુઝની, એટલી રાખજે ચિત્ત;
કહેવા લાયક નથી તો પણ કીધી, ચંદ્ર એ સુખની રીત. મા૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com